# પદ્મિની

[ નૃત્યશાસ્ત્રની એક કૂટસમસ્યા ]

૨૩૯

કર્તા:

કૃષ્ણલાલ શ્રીધરાણી

નવયુગ પુસ્તક ભંડાર : રાજકોટ.

## ક્રમિકા


૧ પડઘા ગીત .... .... .... .... ૫

૨ અર્પણ .... .... .... .... ૭

૩ પાત્ર પરિચય .... .... .... ૧૧

૪ તારતમ્યનાં ત્રાજવાં .... .... ....

(૧) ઉદ્‌ભવ.... .... .... પૃષ્ઠ ૩

(૨) કલાકૃતિ અને ઇતિહાસ .... .... ૬

(૩) નાટ્યાલેખન .... .... .... ૮

(૪) રુચિભેદ .... .... .... ૯

(૫) સૂડી વચ્ચે .... .... .... ૧૦

(૬) નીતિનાશના પ્રકારો .... .... ૧૧

(૭) જથ્થાનું મૂલ્યશાસ્ત્ર .... .... ૧૨

(૮) સદ્દાસદનું માન .... .... .... ૧૩

(૯) જીવિત અને સંસ્કૃતિ .... .... ૨૩

(૧૦) સમાજ અને વ્યક્તિ .... ... ૨૩

(૧૧) સાધન અને સાધ્ય .... .... ૨૫

(૧૨) તદ્‌યુગનો મહદ્‌ગુણ .... .... ૨[illegible]

(૧૩) તર્ક અને શ્રદ્ધા .... .... .... ૨૮

(૧૪) ભાવનાનો વિજય .... .... ૨૯

(૧૫) સબળ નિર્બળતા.... .... .... ૩૦

(૧૬) પદ્મિનીના નિશ્ચયનું માનસ.... .... ૩૧

૫ ધરતી .... ... .... .... ૩૫

૬ પહેલો અંક .... .... .... .... ૪૧

૭ વચલો અંક .... .... .... .... ૭૭

૮ છેલ્લો અંક .... .... .... .... ૧૦૩



## પડઘા ગીત

—:•:—

વગડાને વાટ કો’ લજામણીનો લુમખો:
લીલુડી પાંદડીમાં જાંબલી ફૂલે ગુંથ્યો:
“ અડશો–મને–ન–કો ” અધીર !
મારો સાળુ ચોળાય !
પ્રેમરાગ સ્પર્શથી અંગ અકળાય !

ફૂલડાં સંગાથ એક શેવતીનો ઝુમખો:
નીલમના ઝુંડમાં પારસ ફૂલે લચ્યો:
પડછાયો કોઈનો કુટિલ !
મારું અંગ અભડાય !
ભોગભુખી આંખડીથી પાંખડી કપાય !

એકલ ઉરો તણા અબોલ શબ્દ ઉપડ્યા:
દરિયાના બેટમાં પડઘા થઇ પડ્યા:
દિવાદાંડીનું થયું શરીર !
એના ‘ આવ ’ સંભળાય !
ભેખડની બાથ એતો ! પાસ ના જવાય !

## ૬

આભલાના બુરજમાં રૂપવેલ વીજળી:
તેજ તણી કાયમાં પ્રતાપની શિખા બળી:
જોબનનાં તેજ ભર્યાં ચીર !
રૂપ એનાં દૂરથી પીવાય !
અડીએ તો અડનારું ખાખ થઇ જાય !

પદ્મિની પુંષ્પમાં વસંત એક જોગણી:
અનંગ સમી આંખમાં પવિત્રતા ધખે ધૂણી:
અડશો ના ! રોમ રોમ તીર !
એના આશિષ લેવાય !
સિંહણનાં દૂધ સિંહથી જ જીરવાય !

૨૦, ૭, ૩૨,

# અ ર્પ ણ

આરધનામાં સ્મરું રૂપ બાનું !
ને બા સ્મરિને પ્રભુ રૂપ પામું !

(૧)

અરાવલી કોતર કંદરામાં,
પ્રતાપના એકલ શબ્દ આથડે;
ચિતોડના રાજ સિંહાસને અડે:
રડી પડે નેત્ર વસુંધરાનાં.

એકાકી કો કાંચનઝંધ શો ઉભી,
સમુદ્રના સૌ નિરખે તરંગો:
સામ્રાજ્યના, ફ્રાન્સ તણાય ભંગો,
ઉકેલતો; તારલીઓ જતી ડૂબી:

'પૃથ્વિ તણાં રાષ્ટ્ર સહુ ઉખેડી,
ખંડી કરૂં; અંતરનો નિનાદ;'
હોલાંડમાં દેઈ અબોલ સાદ,
આમંત્રતો સૌ શમણાં જતાં ઉડી;

પ્રતાપે ગજવી ખીણો, હેલેના ઓનાપારટે;
કેસરે પદભ્રષ્ટિના, ગીતો હોલાન્ડમાં રટે;
ખૂંચવી મહારાજ્યો, પાઠવ્યા સ્થળ નિર્જને !
ખૂંચવી માતનો ખોળો, પદભ્રષ્ટ કિધો મને !
પૃથ્વિએ સાંભળ્યાં શબ્દો, પદભ્રષ્ટ પાદશાહના !
કારમાં ગાન એથીયે, કરવા અંતર દાહના !

(૨)

અશોકનું ધર્મસિંહાસને નહિ;
નહિ મહારાજ્ય સમુદ્રગુપ્તનું;
કનિષ્કનુંયે ન વિસાતમાં કંઈ;
પદ્માસને પ્રિય ન જીન મુક્તાનું;

બાવીશ તો પૂતળીયે મઢેલા,
ન ભાવના વિક્રમના સિંહાસને;
મનુષ્યના મસ્તકથી ચણેલા,
ઝંઘીસને આસન કોડ ના મને;
મળ્યું હતું એ સહુથી મહાન !
માતા તણા અંતરનું વિતાન !

(૩)

ખણી ખણી કોતર કાળજાના,
આ દેહનું મંદિર તેં ચણી દીધું;
કરી દઈ દાન બધી પ્રભાનાં,
આ કોડિયું એક પ્રકાશનું કીધું;
ચતુર્મુખે વિશ્વ સુજાવતાં દીધી–
બધી પ્રભા તેં મુજને ધરી દીધી !

(૪)

આ વિશ્વની ભવ્ય વિરાટ વાડીએ
પ્રવેશ તું,–કાંચનદ્વારથી કીધો;
પાવિત્ર્યનો, ધર્મતણો, પ્રભાનો,
સંદેશ તેં પ્રેમપિયૂષમાં દીધો;
અજ્ઞાતના ભીષણ ગર્ભમાંથી
ખેંચી લઈ આતશ દેખતો કીધો !

(૫)

વર્ષો વિત્યાં આજ ઉડી ગયાને,
ઉંચે; મૂકી એકલ બાળ, બાને;
ન વિસરૂં નેત્ર કદિ અમીનાં,
અપત્ય પ્રીતિ પમરંત હીનાઃ

સંધ્યા ઉષા નિરખતા દિગન્તે,
અશ્વે ચડું હું સ્મૃતિના ઉડન્તેઃ
ને બીજમાં હું તુજ રૂપ ભાળું,
માતૃત્વની ત્યાં કવિતા નિહાળુંઃ

નથી ગઈ બા નકી હું કહુ છું;
રૂપાન્તરો સર્વમહીં સ્મરૂં છુંઃ
આકાશમાં તારી અનંતતા છેઃ
ને અગ્નિમાં તૂંજ વિશુદ્ધતા છે;

નિદ્રામહીં વત્સલ ભાવ બાના!
ઉલ્લાસબાના સ્મરૂં સોણલામાં;
દયા ઝરે માતની ચંદ્રિકામાંઃ
વસુંધરામાં બલિદાન બાનાંઃ

(૬)

આરાધનામાં સ્મરૂં રૂપ બાનું!
ને બા સ્મરીને પ્રભુરૂપ પામું!

૭, ૩, ૨૯
૨૩, ૭, ૩૨

# પાત્ર પરિચય

ઈ. સ. ૧૨૯૦ ના સમય વખતે ચિતોડના સિંહાસન ઉપર વિરાજમાન બાપ્પા રાવળના વંશજ તે મહારાણા લક્ષ્મણસિંહ:

મહારાણાના બાર પુત્રોમાંના બીજા અને મહારાણાને અત્યંત પ્રિય કુમાર તે અજયસિંહ:

મહારાણાના બાર પુત્રોમાંના એક કુમાર તે અચ્યુતસિંહ:

મેવાડના મંત્રીશ્વર તે કેદારનાથ:

મહારાણાની સગીરાવસ્થામાં ચિતોડને સાચવનાર, અને મહારાણાના રાજ્યારોહણ પછી પણ અધિકાર બળે રાજ્યની ધુરા વ્હેનાર મહારાણાના કાકા તે રાણા ભીમસિંહ:

રૂપરાણી પદ્મિનીના વીર ભ્રાતા અને ચિતોડના દુર્ગપાળ તે બાદલ:

રૂપરાણી પદ્મિનીના કાકા અને ચિતોડના સેનાનાયક તે ગોરાદેવ:

ઈ. સ. ૧૨૯૦ના સમય વખતે દિલ્હીના સિંહાસનારૂઢ યવનસમ્રાટ તે અલાઉદ્દીન ખીલજી:

દિલ્હીશ્વરના સંધિવિગ્રહક અને કૂટનીતિને બળે શહેનશાહતમાં મોટો અધિકાર ધરાવનાર તે સરદાર કાજી:

ચારિત્ર્યમાં આર્યરમણીના આદર્શસમી અને રૂપમાં રતિ સમી રાણા ભીમસિંહની મહારાણી તે પદ્મિની:

મુગલોએ જગતને નૂરઝહાંનું નૂર બતાવ્યું: રાજપૂતોએ પદ્મિનીનું સૌંદર્યપદ્મ આપ્યું:

અને બીજાં થોડાં:

# તારતમ્યના ત્રાજવાં.



**ઉદ્ભવ**

યુદ્ધવિરામના શરૂઆતના દિવસોમાં અમે અમારા એક વિદ્વાન મુરબ્બી સાથે Clive Bellનું Civilisation વાંચતા હતા. Sense of Values ઉપર એણે મૂકેલા ભારથી અમે નીતિશાસ્ત્રની મૂલ્ય આંકણી ઉપર ઊતરી પડ્યા, કેટ-

ધીક વખત એવી આકરી પરિસ્થિતિ ઊભી થાય છે કે જ્યારે એ નીતિનાશમાંથી ડંખતે હૃદયે, છતાં સ્વેચ્છાયે એકનો સ્વીકાર કરવો અનિવાર્ય હોય છે. એવે વખતે શું કરવું? રહસ્યની તારતમ્યતાનો કયે ધોરણે વિચાર કરવો?

વિદ્વાન મુરબ્બી ઊઠયા અને મેજ પાસેની છાજલી ઉપરથી પ્રખ્યાત બેલ્જિયમ લેખક મોરિસ મેટરલિન્કનું **Monna Vanna** ઊપાડયું. પોતાની ટેવ પ્રમાણે શરૂઆતમાં એમણે એ નાટકનો સાર સંભળાવ્યો. પોતાના દેશને અને હજારો દેશબંધુઓને બચાવી લેવા Vanna પોતાના શિયળનું કેવી રીતે બલિદાન આપે છે; એ કથા રસપૂર્વક અને રસમય રીતે વર્ણવી. એમણે પોતાની ચળકતી આંખો મારી ઉપર ઠેરવી, અને પૂછ્યું; “ બોલો તમારો શો મત છે? એક રમણીનું શિયળ વધારે કે હજારો લોકોના પ્રાણ?”

મારું આર્યહૃદય ઉછળી ઊઠયું. એક ક્ષણનો પણ વિચાર કર્યા શિવાય મેં જવાબ ફગાવ્યો, “ એક સ્ત્રીનું શિયળ સ્તો!”

વિદ્વાન મુરબ્બી હસ્યા, “ હું ધારતો જ હતો! હિન્દુસ્તાનના લોકોને નીતિનો એક પ્રકારનો રોગ થયો છે.” તેઓ ફરી હસ્યા. “ અને માત્ર નૈતિક દૃષ્ટિએ વિચાર કરો તો ય હું તમને પૂછું છું કે હજારો લોકો પરસ્પર

વૈર કેળવે, જાણે ચીભડાં વધેરતાં હોય તેમ એક બીજાનાં માથાં ઊતારી લે, અને પરિણામે સ્ત્રીઓ કરતાં પુરુષોની સંખ્યા ઘટી જાય અને વર્ણસંકરતા ફેલાય, વ્યવસ્થાભંગ અને દ્રવ્યહાનિ થાય, સમાજનું જીવન ડહોળાઈ જાય, એ બધો શું ઓછો નીતિનાશ છે ? ”

અમે ઘડીભર દલીલહીન થઈ ગયા. આ રીતે વિચાર કરવા અમે ટેવાયેલા ન્હોતા. મને લાગ્યું કે જે વાક્ય મેં જવાબમાં ફગાવ્યું હતું તે મારો મત ન્હોતો, પણ માન્યતા હતી. એના મૂળમાં વિચારણા કે પૃથક્કરણ ન્હોતાં પણ સાચું ખોટું છતાં રૂઢિનું ધુમ્મસ હતું. મને લાગ્યું કે માન્યતા ખોટી હોય તો ફેંકી દેવી જોઇયે, અને સાચી હોય તો જવાબો શોધી કાઢવા જોઇયે.

ચ્હા પીને રજા લેતાં મેં Monna Vanna માગી લીધું. નાટક હજાર પાનાનું હોય તો રાતપાળી કરીને પણ એ તે દિવસે જ પૂરું કરવાનો નિશ્ચય કર્યો હતો. પણ ચોપડીનાં મોટાં બીબાં અને જાડા કાગળો જોઈને હૈયાનો ભાર ઓછો થયો.

રાત્રે ચોપડી પૂરી કરી. મન માન્યું નહિ એમ લાગ્યું. લેખકનો પક્ષપાત કેવળ પાત્રો ઉપર નહિ પણ તત્વો ઉપર પણ ઊતરે એ અનિવાર્ય હોય છે. Monna Vanna માં જે તત્વનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે,

તેના વિરોધી તત્વ ઉપર પક્ષપાત કરીને મારે એક બીજું નાટક લખવું એમ નિશ્ચય કર્યો.

**કલાકૃતિ અને ઇતિહાસ**

વિચાર આવ્યો: 'કોઈ સામાજીક વસ્તુગૂંથણી કરી તત્વનો વિજય કરું ?" તરત જ જવાબ મળ્યો: 'ના. એ પદ્ધતિમાં કલ્પનાનાં પાત્રો તે માનસશાસ્ત્રને વફાદાર રહી ગમે તે સ્વરૂપમાં રજૂ કરવાની લેખકને છૂટ રહે છે. એ એક ફાયદો છે ખરો, પણ એ પાત્રો પાછળ હંમેશાં કોઈ નિશ્ચિત સમાજ, સંસ્થા કે સંસ્કૃતિનો અવાજ હોય જ છે એવું નથી હોતું. જો અમુક સંસ્કૃતિનો કે ફિલ્સુફીનો અવાજ સ્ફૂટ કરવો હોય તો ઇતિહાસને આધારભૂત રાખી ઇતિહાસે પ્રાપ્ત કરેલી ઘટનાનો આશ્રય લેવો જોઇયે. એથી સ્થળ, કાળ, અને ઘટનાનું બંધન વ્હોરી લેવું પડે છે એ ખરું, પણ સાથે સાથે પ્રજાહૃદયમાં ઇતિહાસે અંકિત કરેલું તેતે ગૌરવ પણ અનાયાસે આપણી વ્હારે આવીને ઊભું રહે છે.'

અને મેં ઐતિહાસિક કથાવસ્તુની ધરતી લેવાનું નક્કી કર્યું. જેટલી ત્વરાથી ' એક રમણીનું શિયળ વધારે કે હજારો લોકોના પ્રાણ ?' એ પ્રશ્નના જવાબમાં 'શિયળ' શબ્દ કૂદી આવ્યો હતો, તેટલી ત્વરાથી અંતરપટ પર 'પદ્મિની'નું પાત્ર ખડું થયું. એમાં ઇતિહાસની માન્યતા છે, 'પદ્મિની'નો વિજય છે, અને આર્ય હૃદયનો પડઘો છે.

પદ્મિનીની ઘટનાની સાલવારી વિષે અને એ ઘટનામાં સંકળાયેલાં પાત્રોનાં નામો અને પરસ્પરના સંબંધો તથા રાજ્ય ઉપરના અધિકારો વિષે હમણાં હમણાં ઇતિહાસરત્ન રા. બ. ગૌરીશંકર ઓઝાએ પોતાના “ રાજપૂતાનેકા ઇતિહાસ ” નામક ગ્રંથમાં મતભેદ રજૂ કર્યો છે, પરંતુ એ મતભેદ સાચો હોય તોયે કથાની દૃષ્ટિયે મહત્વનો નથી. વળી પ્રજા હૃદયમાં તો આજ સુધી કર્નલ ટૉડે મેળવેલી હકીકતે રમણ કર્યું છે. ઉપરાંત આ નાટકમાં મારો હેતુ આર્યહૃદયનો તર્કયુક્ત છતાં આત્મસ્રુત ધ્વનિ આપવાનો હોવાથી મેં ટૉડ રાજસ્થાનની ધરતી ઉપર મંડાણ કર્યું છે.

આ નાટકમાં એકે કાલ્પનિક પાત્ર ઊભેયું નથી. મહારાણા લક્ષ્મણસિંહના મંત્રીશ્વરનું નામ મળ્યું નથી. છતાં એમને એક મંત્રીશ્વર તો અવશ્ય હશે એમ માનીને, અને એનું નામ ‘ કેદારનાથ ’ કે ‘ કુંભકર્ણ ’ ગમે તે હોય છતાં ફરક પડતો નથી એમ લાગવાથી ‘ કેદારનાથ ’ નું ઇતિહાસ અગમ્ય છતાં ઐતિહાસિક પાત્ર ઉભેર્યું છે.

બીજા કેટલાંક નામોને પણ એ જ ન્યાય લાગુ પડે છે એમ કબૂલ કરીને પણ કહું છું કે ગૂજરાતના કેટલાક પ્રખર લેખકોની માફક કથાધ્વનિને સ્ફૂટ કરવા ખાતર ઇતિહાસવાતને ખેંચીતાણીને અભિરુચિને કદરૂપી કરવાનો લેશ પણ પ્રયત્ન આમાં કરવામાં આવ્યો નથી. વસ્તુવિકાસને

માટે અજુગતી પાત્રાવલિ ઊભી કરી દેવી એ લેખકની લેખક તરીકેની પણ નિર્બળતા છે.

નાટકનું આલેખન કાવ્ય કરતાં પણ કઠિન છે. કેમકે એને રંગભૂમિની મર્યાદા છે. પણ જેમ

**નાટ્યાલેખન** સ્વાતંત્ર્ય મર્યાદાનો મહિમા સમજી લે તો દીપી ઊઠે છે; તેમજ જો નાટકની મર્યાદાઓનું યથાર્થપણે પાલન થાય તો એ લેખનના કોઇ પણ પ્રકાર કરતાં વિશેષ ખીલી ઊઠે છે.

ટોળાંઓના મનોભાવ નાટ્યસાહિત્યમાં હજી જોઇયે તેટલા આવ્યા નથી; કેમકે નાટ્યાલેખનને એ અનુકૂળ આવી શકે એમ નથી. દેશનેતાઓની જેમ રંગભૂમિને પણ શારીરિક મર્યાદાઓ હોય છે. એ મર્યાદાઓને કારણે ટોળાં-ઓનું અને તેના હલન, ચલન અને ભાવના-ભરતીઓટનું ગૌરવ રંગભૂમિ ઉપર લાવવું રહેલું નથી. મોટે ભાગે એવો પ્રયત્ન જુગુપ્સા પ્રેરે છે. છતાં એ વસ્તુ રંગભૂમિ ઉપર આણવાની આવશ્યકતા છે; કેમકે જમાનો લોકતંત્રનો આવતો જાય છે, અને સાહિત્ય પણ રંગભૂમિ તરફ ઢળતું જાય છે.

આવી સ્થિતિમાં માત્ર એક જ ઉપાય છે; અને તે ટોળાંઓનું અપ્રત્યક્ષ સૂચન કરવાનો. સંસ્કૃત નાટકકારો-અને તેમાંય મુખ્યત્વે ભાસ-જે વસ્તુ રંગભૂમિ ઉપર લાવવી

અશક્ય જણાય તે વસ્તુને ઉદ્દેશીને પાત્રોને કાં તો ઊંચે જોઈને, અથવા પાંખ [ wing ] માં નજર કરીને ઉદ્‌બોધતાં ચીતરતા. અપ્રત્યક્ષ સૂચનનો આ એક ઉત્તમ પ્રકાર છે. પણ હવે તો રંગભૂમિ ઉપર છાયાપ્રકાશ અને સ્થિતિની કુશળ રચનાથી ઘણું વધારે કહી શકાય તેમ છે,– અને બીજા દેશોમાં તેમ થાય છે પણ ખરું.

આજ વિચારસરણીને લઈને મેં રજપૂતોનાં ટોળાંઓને રંગભૂમિ ઉપર ન લાવતાં નીચેથી આવતા અવાજો અને મશાલોના છાયાપ્રકાશના હલનચલનથી સૂચિત કર્યાં છે.

**રુચિભેદ**

રંગભૂમિ ઉપર રક્ત, ખૂન કે લડાઈ લાવવાં કે નહિ એ પ્રશ્ન ઉપર આર્યઅભિરુચિ અને રશિયાની સરદારી નીચે પાશ્ચિમાત્ય કલા-ભાવના વચ્ચે અવ્યક્ત ખેંચતાણ ચાલી રહી છે. મનને વિહ્વળ કરી મૂકે, ચિત્તમાં જુગુપ્સા પેદા કરે, માનવીના હૃદય કારુણ્યને દુભવે એવી કોઈ પણ વસ્તુને માત્ર રંગભૂમિ ઉપરથી નહિ, પણ કલાના તમામ પ્રદેશોમાંથી આર્યઅભિરુચિએ દેશવટો આપ્યો છે.

બીજી બાજુએ રશિયાની સાંપ્રત કળાએ રૂધિર, જ્વાલા અને કટારીને કલાના મુખ્ય પ્રતિકો તરીકે પ્રસ્થાપિત કરી પડકાર કર્યો છે કે, "કલા માત્ર કોઈ ઉચ્ચ

અને કલ્યાણકારી રચના, ફિલ્સુફી કે વાદના પ્રચારનું મુખ્ય સાધન છે; અને માટે એને એટલી તો ઉગ્ર બતાવવી જોઇયે કે શ્રોતા, દ્રષ્ટા કે અનુભવકર્તાની હૃદય તંત્રીના તારો માત્ર ઝણઝણાવી ન મૂકે પણ આખી હૃદય-તંત્રીને હલાવી મૂકે, ખળભળાવી મૂકે, વિહ્વળ કરી મૂકે. માનવ હૃદય શું એટલું મુલાયમ થવું ઘટે કે જીવનની આકરી છતાં અનિવાર્ય પરિસ્થિતિમાં સત્યદર્શનથી અકળાઈ ઊઠે? આ પ્રશ્ન હમણાં તો અણઉકલ્યો રહેવાનો, કેમકે જગતનું સમાજ શાસ્ત્ર આજે કઢાયામાં પડયું છે, ઉકળી રહ્યું છે.

**સૂડી વચ્ચે** સાંભળ્યું છે કે અમેરિકાની કેટલીક કુમારિકાઓ અમુક જાહેર સંસ્થાઓને દાન અપાવવા માટે પૈસાદારો પાસે જાય છે અને પોતાને એક ચુંબન કરવાની રજા આપી સંસ્થાને આર્થિક સહાય અપાવે છે. એમાં દોષ હોય તો એ વ્યક્તિગત રૂપવતી કુમારિકાઓનો નથી, પણ અમેરિકાના જાહેર જીવનની ફિલ્સુફી ઘડનાર વિચારકોનો છે. જે જમાનામાં સત્કર્મ [Charity] ની પણ આ કલ્પના છે, તે જમાનામાં હું એક સ્ત્રીનું શિયળ વધારે કે હજારો લોકોના પ્રાણ વધારે; એવો પ્રશ્ન છણવા બેસું તો સૌ મને હસી નહિ કાઢે?

એક તરફથી જેમ ઉપેક્ષાની બ્હીક છે તેમ બીજી તરફથી જવાળામુખી જેવા અસહ્ય પુણ્યપ્રકોપની બ્હીક છે.

આર્યનીતિભાવના ઊંચા હાથ કરી પડકારી ઊઠશે, 'બસ કરો! વિતંડાવાદને પણ મર્યાદા છે. આર્યો શિયળને ત્રાજવામાં મૂકતા કદિ શીખ્યા જ નથી.'

**નીતિનાશના પ્રકારો**

પણ જો હું એમ પ્રશ્ન ઊભો કરું કે એક સ્ત્રીનું શિયળ વધારે કે યુદ્ધને અંગે નિરાધાર થઈ પડેલી હજારો લલનાઓની લાજ વધારે, તો? કુળ-મર્યાદાની એંટમાં પડી ગયેલા રાજપૂતોને ભલે એ પ્રશ્ન ઊભો થયો ન હોય, પણ એ પરિસ્થિતિનો વિચાર કરવો અનિવાર્ય છે.

વળી હજારો લોકોની પ્રાણહાનિ પરિણામે નીતિનાશક છે, તેમ સ્વરૂપે પણ અનીતિકારક છે. યુદ્ધનો જન્મ, જીવન અને મૃત્યુ ત્રણે અનીતિમાં છે.

સમાજરચના શિથિલ થઈ જાય, ધર્મ ભ્રષ્ટ થાય, નિર્દોષ વણિકો અને ખેડૂતોને શોષવું પડે અને વિજેતાના ગુલામ થવું પડે, એ બધું પણ શું અધર્મ્ય નથી? –અનીતિકારક નથી?

એક બીજા પ્રત્યે તિરસ્કાર અથવા વૈર–કેમકે વૈર તિરસ્કારનું ભીષણ સ્વરૂપ છે–કેળવ્યા સિવાય એક બીજાનાં ડોકાં ઊતારી લેવાં એ અશક્ય વાત છે. અને તિરસ્કાર જેવો બીજો સમાજદ્રોહી દૂર્ગુણ જડવો મૂશ્કેલ છે. કેમકે સમાજનું

મંડાણ શ્રદ્ધા અને પ્રેમના પાયા ઉપર થયેલું છે. આ સ્થિતિમાં યુદ્ધને ગમે તે ભોગે અટકાવવું એ શું આપણો ધર્મ નથી થઈ પડતો ?

**જથ્થાનું મૂલ્યશાસ્ત્ર**

અને જ્યારે એક શિયળભંગ અને અનેક શિયળ-ભંગનો પ્રશ્ન ઊભો થાય, ત્યારે ? [ મને બ્હીક તો છે જ કે જગતને જલદી જલદી મોક્ષ અપાવી દેવાની ઉતાવળમાં પડેલા સમાજસેવકોને આવો પ્રશ્ન ઊઠાવવો એ જ અનીતિકારક લાગશે ! ] પદ્મિનીના શિયળભંગથી હજારો સ્ત્રીઓના શિયળની સલામતી ખરીદી શકાતી હોય તો ખરીદવી?

જૈન ધર્મ જ્યારે પગભર થતો હતો તે સમયના કેટલાક વિતંડાવાદીઓ [ બન્ને પક્ષના ] આમ દલીલ કરતા એમ સાંભળ્યું છે: 'રોજના ખોરાક માટે નિત્ય નિત્ય ન્હાના ન્હાના જીવોનો ઘાત કરવો તેના કરતાં એક દિવસ એક હાથીને મારી નાખી તેના માંસ ઉપર ચાર મહિના ચલાવવું તે શું ખોટું ?' એટલે એમ તો લાગે જ છે કે એક પદ્મિનીનું શિયળ અને હજારો સ્ત્રીઓના શિયળ વચ્ચેની ચૂંટણી એ એક ચીભડાં અને હજારો ચીભડાં વચ્ચેની ચૂંટણી જેટલી સાદી અને સ્હેલી તો નથી જ.

અમારા એક રમુજી [ જાતે નહિ; પણ રમુજ કરનારા ] શિક્ષક મજાકમાં કહેતા, કે જૈનધર્મ પ્રસ્થાપિત થતો હતો

ત્યારે અહિંસાના કેટલાક પ્રચારકો હાથમાં ખુલ્લી તલવાર લઈને ફરતા અને સામે મળે એને કહેતા, "તમે કાંતો અહિંસા ધર્મનો સ્વીકાર કરો, અને કાંતો આ તલવારના ઘાનો સ્વીકાર કરો." એક શિયળ વેંચીને અનેક શિયળો સલામત રાખવાનો પ્રયત્ન કરવો એ કાંઈક આના જેવું નથી?

પરંતુ સદ્ અને અસદ્ કર્તવ્ય અને ત્યાજ્યને તોલવાની તુલા કઈ? નીતિશાસ્ત્રમાં કોઈ એવો **સદાસદનું માન** નિરપેક્ષ–કેવળ આદર્શ [absolute idea] હોઈ શકે કે જેના માનથી માપી જીવનની નાની મોટી પ્રત્યેક આંટીઘૂંટીઓનો નિકાલ લાવી શકીએ? પ્રખ્યાત જર્મન દર્શનશાસ્ત્રી કાન્ટ કહે છે, 'હા!' અને પછી પોતાના નિરપેક્ષ કર્તવ્ય–'પ્રભુસમ્મિત વિધિવાક્ય' [Cutaforical Imperative] ની ભાવના રજૂ કરે છે. પણ પ્રભુસમ્મિત વિધિવાક્યની ભાવના સ્વીકારીએ કે પહેલો જ પ્રશ્ન એ ઊભો થાય કે એ ભાવના, એ નિરપેક્ષ કર્તવ્ય, એ કેવળ ફરજ કઈ? જગતમાં માથાંઓ છે એટલી મતિ છે. વળી કોઈ વિભૂતિનું વાક્ય એ દેવવાક્ય એમ નક્કી કરીએ તોય જૂનો પ્રશ્ન નવા સ્વરૂપે ઊભો જ છે કે વિભૂતિ કોને લેખવી? શ્રીકૃષ્ણ, ગૌતમ, બુદ્ધ, ઈસામસિંહ, અથવા મહમ્મદ પયગંબર જેવા ધર્માચાર્યોને દિવ્યમેધા માનવા, કે કૌટિલ્ય, મિખિયાવેલી અથવા પ્રિન્સ બિસ્માર્કને એ સ્થળે સ્થાપવા? વળી કોઈ એક

પ્રકારની વિભૂતિઓ લઈએ તોય તેઓમાં કયાં એકમત છે ? આ આંટીઘૂંટીમાંથી કાન્ટ બહુ સહેલાઈથી નીકળી જાય છે, અને કહે છે કે પ્રત્યેક વ્યક્તિના અંતરનો કર્તવ્ય-નાદ અનુસરણીય છે.[૧] આત્યંતિક ન્યાય [જો એવું કંઈ હોય તો ?] ની દૃષ્ટિએ જોતાં તો આ એક માત્ર સત્ય લાગે છે.[૨]

---

[૧] "Everything in nature works according to laws. Rational beings alone have the faculty of acting according to the *conception* of laws—that is, according to principles; in otherwords, to have a will."

T. K. Abbott,
Kant's Theory of Ethics,
P. 29.

સરખાવો.

[૨] "An action done from a sense of duty derives its moral worth *not from the purpose* which is to be attained by it, but from the maxim by which it is determined, and therefore does not depend on the realisation of the object of the action, but merely upon *the principle of volition* by which the action has taken place, without regard to any object of desire."

Abbott, op. cit., P. 16.

પણ તો કેટલાક મુંઝવે એવા પ્રશ્નો ઊભા થાય છે. જીસીસ ક્રાઇસ્ટને ક્રોસ ઉપર ચડાવનાર પોમ્પીઅસ પાઇલેટે એ કર્મ કર્તવ્ય બુદ્ધિથી જ કર્યું હતું. તો સંસાર જેમ ક્રાઈસ્ટને પૂજે છે તેમ પોમ્પીઅસ પાઇલેટને કેમ નથી પૂજતો ? અમેરિકાના ભલાને ખાતર જ પ્રેસીડેન્ટ અબ્રાહમ લીંકનનું ખૂન કરનાર બૂથનું નામ ઇતિહાસની તવારીખોમાં એટલું જ ઉજળું કેમ નથી લખાયું ? ઇસ્લામના પોતે સમજેલા આદેશ અનુસાર સ્વામિ શ્રદ્ધાનંદને હુલાવી ફાંસીને લાકડે લટકનાર પેલા ઝનૂની મુસલમાનને શહીદ તરીકે સ્વીકારતાં શી મૂશ્કેલી નડે છે ? અને તો તો પછી 'આ જગતની વાડીનાં તમામ ફૂલો સૂંઘી સૂંઘીને ફગાવી દેવા માટે જ છે' એમ પ્રમાણિકપણે માનનાર અને આચરનાર અલ્લાઉદ્દીનના ચારિત્ર્યની ચિકિત્સા છોડીને જનસમાજ પદ્મિનીના ચરિત્ર્યની અગ્નિ-પરીક્ષા શા માટે કરતો હશે ? પ્રશ્નોમાં જ એનો જવાબ આવી જાય છે.

પણ માનવી 'સહજ પ્રવૃત્તિ [ Instinct ]' થી જ સામાજીક પ્રાણી છે. એમ કહેવામાં પણ અતિશયોક્તિદોષ નથી કે જેને આપણે 'વ્યક્તિ' એવું નામ આપીએ છીએ, તે પણ સમાજનો પરિપાક હોય છે. ઉત્ક્રાંતિનો ઇતિહાસ તપાસીએ તો દીવા જેવું સ્પષ્ટ જણાશે કે મનુષ્યની 'સહજ પ્રવૃતિ' એ પણ સમાજ સાથે બદલાતી આવી છે. એટલે સમાજ વિનાના માણસની કલ્પના વિચિત્ર છે. એવી સ્થિ-

તિમાં માત્ર આત્મીય [subjective] દૃષ્ટિબિંદુવાળી તુલા કેમ કામ આવે ? સમાજ શબ્દ સાથે જ પરાત્મીક [objective] તત્વ સંકળાએલું છે.

તો પછી માનવધર્મમાં કોઈ પણ વસ્તુ કેવળનિરપેક્ષ સંભવતી નથી. સત્ય, શિયળ, અહિંસા, અસ્તેય અને અનુકમ્પા જેવા લગભગ ત્રિકાલાબાધિત ગણાઈ પડેલાં તત્વો પણ નિરપેક્ષ નથી એમ સ્વીકાર્યા સિવાય છૂટકો નથી. વિજ્ઞાન જેવા તુલનાત્મક દૃષ્ટિએ સ્થૂળ વિષયમાં પણ જ્યારે સાપેક્ષવાદ [ Relativity ] નો સ્વીકાર થવા લાગ્યો છે; ત્યારે ધર્મ, નીતિ કે સમાજશાસ્ત્ર કેવળ આદર્શને કઈ રીતે સ્વીકારી શકે ? સત્ય સત્ય છે કેમકે અનિવાર્ય છે. 'જે છે તે છે!'–'જે નથી તે નથી!' એ સત્યની હકારાત્મક અને નકારાત્મક એવી બે બાજુઓ છે. ત્રીજી બાજુ સંભવતી નથી. જો એ ન સ્વીકારીએ તો પ્રમાણશાસ્ત્રનો પહેલોજ સિદ્ધાન્ત [ The principle of identity ] ભંગ થાય છે. અસ્તેય અનુકરણીય છે, કેમકે ચોરો પણ માંહોમાંહે એક બીજાની ચોરી કરતા નથી. ચોરો માંહોમાંહે ચોરી કરે તો ચોરીનો ધંધો ચાલી શકે નહિ: એટલે ચોરી પોતે જ પોતાનો પરાજય કરે છે. એ રીતે કોઈપણ તત્વને સ્વયંસિદ્ધ ન માની લેતાં દરેક તત્વને પ્રમાણશાસ્ત્રથી પુરવાર કરવાનું છે. જે વસ્તુ પ્રત્યેક વ્યક્તિ કરે–સર્વ કર્તવ્ય થઈ પડે–તોય કશી બાધા ન આવે તે જ કર્તવ્ય, તેજ ગુણ. અને

એટલું તો કાન્ટ પણ સ્વીકારે છે.[3] પણ તો પછી રજપૂતોની ટેક અને પદ્મિનીની શ્રદ્ધા શાની ઉપર ?—એ બન્નેનો બચાવ શો ?

જરા પણ પક્ષપાત વિના એમ કહી શકાય કે માનવ સમાજનો મેધાદેહ તો ગૌતમબુદ્ધ સાથે જ જન્મ્યો. વિચારતાં એમ પણ લાગે છે કે બુદ્ધ ભગવાનની આર્યદૃષ્ટિથી સાંપ્રત વિભૂતિઓની દૃષ્ટિ પણ જરાય દૂર જઈ શકી નથી. બર્ટ્રાન્ટ રસેલ જેવા આપણા જમાનાના બળવાખોર તત્વચિંતકને વાંચતાં પણ એમ થાય છે કે તેઓ બૌદ્ધદર્શનશાસ્ત્ર ઉપર ભાષ્ય લખી રહ્યા છે. સોક્રેટીસનો હજી તો જન્મ પણ ન્હોતો થયો એ પ્હેલાં બૌધધર્મે એક બહુ જ સ્પષ્ટ છતાં પ્હેલાં ન સુઝેલું એવું એક સારાનરસાની પરીક્ષા કરવાનું ચિકિત્સાસૂત્ર આપ્યું. "આપણને જે ગમે તે સારું, આપણને જે ન ગમે તે નઠારું !" સાંપ્રત માનસશાસ્ત્ર એની પડખે છે. સારાનરસાનો મૌલિક, પ્રાથમિક આધાર માનસના 'ગમવા—ન ગમવા' ઉપર નિર્ભર છે. પ્રત્યેક જ્ઞાન ઇન્દ્રિયના રંગે રંગાએલું છે. આ જગત પોતે છે તે નથી,

[3] "So act as to treat humanity, whether in thine own person or in that of any other, in every case as an end withal, never as a means only."

Abbott, op. cit., P 47.

પણ આપણે જે જોઇએ છીએ તે છે. બિશપ બર્કલિ તો એટલે સુધી આગળ જાય છે કે જે આપણા મનમાં નથી તેનું અસ્તિત્વ નથી. આપણા મનની બહાર જે જે વસ્તુનું અસ્તિત્વ છે તે તે પ્રભુના મનમાં છે.[૪] જો આ વસ્તુ ન સ્વીકારીએ તો માનસશાસ્ત્રની અવગણના થાય.

---

[૪] "—that ideas are whatever is perceived and these are the only realities, that these realities exist only so for as they are perceived—. The possibility of any permanent relations or signification in these ideas is provided by supposing that God is the permanent upholder of those ideas.

History of Philosophy by Dr. Veberwy,
Ges. S. Morris' Translation, P. 384.

આગળ સરખાવો:—

"When we perceive a tree, the real tree existing without our mind is truly known and comperhended by [that is, exists in] the infinite mind of God." Every unthinking thing is, from the very nature of its existence, perceived by some mind; if not by a finite created mind, yet certainly existing by the infinite mind of God, "in whom we live, move and have our being!"

Stephen's Problems of Metaphysic,
P. 113.

આ વિચારસરણીમાં તણાતાં આપણે ઐહિક સુખવાદ [Hedonism]માં પગ મૂકીએ છીએ. વળી એક બીજી દલીલ પણ આ વાદના સમર્થનમાં છે. ધારો કે સુખથી પર એવી કોઈ વસ્તુ કર્તવ્ય તરીકે સ્વીકારવામાં આવી. પણ એ કર્તવ્યનો અધિકાર શો ? માણસે શા માટે એ કર્તવ્ય કરતાં [ સુખ ન મળવાને કારણે ] ખુવાર થવું જોઈએ ? કોઈ ભાવવાચક શબ્દમાં અંધ શ્રદ્ધા મૂકયા સિવાય એનો જવાબ મળવો અશકય છે. એટલે સર્વ કર્મોના ઉપાદાન તરીકે **સુખ** જ હાથ લાગે છે. જે વસ્તુ ઉપાદાન છે; તેને આદર્શ, ધ્યેય, પ્રાપ્ય, કરી સ્થાપવામાં શો વાંધો છે ? વળી વ્યક્તિગત સુખ [ Egoistic Hedenism ]ની જગાએ સમષ્ટિના સુખ [ The greatest happiness of the greatest number ] મૂકીને સમાજને પણ સુરક્ષિત બનાવી શકીએ છીએ.

પણ અહીં માનસશાસ્ત્રની દૃષ્ટિએ એક સૂક્ષ્મ ભૂલ થાય છે. જગતના પાપને ધોઈ નાખવા ભગવાન ઇશુ ક્રોસ પર ચડયા. એમની હથેળીમાં, કપાળમાં અને પાનીમાં ખીલા ઠોકાયા; એ સમયે એમને સુખ થયું હતું એમ કહેવું તે શબ્દનો અર્થ સમજ્યા વિના બોલ્યા બરાબર છે. વળી તેઓ ક્રોસ ઉપર ચડયા એ કાંઈ સુખ મેળવવા [ ગમે તેટલું અલૌકિક અને સૂક્ષ્મ ! ] માટે નહિ ! પણ

એમના અંતરની એ ઝંખના હતી. એ ઝંખનાને પરિણામે વિષમ સ્થિતિઓ પણ એમને સુખદ લાગી એ જુદી વાત છે. પણ મૂળે એ સુખની આકાંક્ષા ન્હોતી. એ રીતે જોતાં એમ લાગે છે કે મનુષ્યને સુખદુ:ખની પૂર્વકલ્પનાથી પર એવી એક 'એષણા' નામની વસ્તુ છે. એટલે ઐહિક સુખવાદમાં પણ ખોડ છે.

નીતિ નથી કોઈ કેવળ કર્તવ્ય કે નથી કોઇ સર્વ-સામાન્ય ભાવના! ત્યારે શું એ કોઈ નિમિત્ત [end]ને ધ્યાનમાં રાખીને ઘડાતી હશે! જો નિમિત્તવાદ [Teleology] સાચો હોય તો એ નિમિત્ત કયું? જવાબ કદાચ આમ આપી શકાય:

"વિશ્વ સમાજની પ્રત્યેક વ્યક્તિ આધિભૌતિક અને આધ્યાત્મિક વિકાસ નિર્વિઘ્ને સાધી શકે એવી પરિસ્થિતિ—પરસ્પરપૂરક એવા અનેક એકમોનો બનેલો એક વિશ્વ-એકમ." [૫]

---

[૫] સરખાવો:—"વ્યક્તિ કે સમાજ બન્નેનું જીવન એવાં તત્વો ઉપર રચાવું જોઇએ કે જેથી આપણાં ધારણ, પોષણ, અને સત્વસંશુદ્ધિ, આપણા જીવનકાળ અને મરણકાળ, સરળ, સંતોષ-પ્રદ અને સમાધાનકારક થાય.

ધારણ પોષણ એટલે કેવળ પ્રાણ શરીરમાં ટકી જ રહે એમ નહિ, પણ ધારણ એટલે સુરક્ષિત અને આત્મરક્ષિત જીવન,

આમાંય ઘણી અસ્પષ્ટતાઓ છે. વ્યક્તિના આધિ-ભૌતિક અને આધ્યાત્મિક વિકાસની વ્યાખ્યા શું; વગેરે

---

પોષણ એટલે નિરોગી, કાર્યદક્ષ અને દીર્ઘાયુ થઈ શકે એવું જીવન, અને સત્વસંશુદ્ધિ એટલે માણસાઈભર્યું જીવન; જે જીવનમાં આપણી ભાવનાઓનો અને બુદ્ધિનો વિકાસ એવી રીતે થયો હોય કે આપણું જીવન આપણા પોતામાંજ સમાએલું–આત્મ પર્યાપ્ત [self-concentrated] ન હોય, સ્વસુખને જ શોધનારું ન હોય, પણ કુટુમ્બને, ગામને, દેશને, માનવસમાજને, આપણા સંબંધમાં આવતાં પ્રાણીઓને, જેના સંબંધમાં જેટલા જેટલા આવીએ તેટલે અંશે તેને, ન્યાય્યમાર્ગે, સંબંધોની સપ્રમાણતા અને પરિસ્થિતિ પ્રમાણે ઉત્પન્ન થતી મહત્તા જાળવીને, ઉપયોગી, શાંતિપૂર્ણ, સંતોષપૂર્ણ, પ્રેમપૂર્ણ હોય; જેમાં કોઇ વ્યક્તિ કે વર્ગને અન્યાય ન થતો હોય; વિપત્તિમાં આવી પડેલાંને પગભર થઈ શકે એટલી અને અપંગ થએલાને ઘટતી મદદ મળી રહેતી હોય; અને અને આપણી બુદ્ધિ બને તેટલી જીવનના તત્વને સમજનારી સારગ્રાહી; વસ્તુના મૂળને તેમજ વ્યાપ્તિને ગ્રહણ કરનારી, આપણેજ નિર્માણ કરેલા પૂર્વગ્રહોનાં બંધનોથી બને તેટલી મુક્ત, અને મરણની ઈચ્છા કરનારીયે ન હોય અને તેથી ડરનારીયે ન હોય !

કિશોરલાલ મશરૂવાળા:
જીવન શોધન ભાગ ૧ લો.
પ્રકરણ, જીવન સિદ્ધાંત:
પા. ૩૪–૩૫

પ્રશ્નો ઊઠે એમ છે. પણ એના જવાબો ધારીએ છીએ તેટલા ભાવાત્મક ન હોવાને કારણે રહેલા છે. પણ એ અહીં પ્રસ્તુત નથી.

પણ નીતિશાસ્ત્ર આદર્શોનું શાસ્ત્ર [Science of Ideal] હોવા ઉપરાંત વર્તનની કળા [Art of conduct] પણ છે. નિમિત્ત નક્કી કર્યાં પછી પણ એની વ્યવહારૂ બાજુ રહી જાય છે. નિરપેક્ષ કર્તવ્ય જેવી વસ્તુનો આપણે શરૂઆતથી જ અસ્વીકાર કર્યો છે. સાપેક્ષતા તો સિદ્ધ કરવાની હોય છે. એટલે નીતિશાસ્ત્ર એક રીતે મૂલ્યોનું શાસ્ત્ર, રહસ્યની તારતમ્યતાનું શાસ્ત્ર [ Science of Voluations ] છે. એ મૂલ્યાંકન પરિસ્થિતિ, પૂર્વ-ઇતિહાસ, ઉદ્દેશ, પરિણામ, આદિ અંશોને ધ્યાનમાં લીધા વિના થઈ શકે નહિ. વળી કયે વખતે કયા અંશને પ્રાધાન્ય આપવું, કયા અંશને બાદ કરવો, કે ગૌણ પદ આપવું એનું પણ સર્વ સામાન્ય કોઈ બંધારણ હોઈ શકે નહિ. વળી જ્ઞાન માત્રનો કોઈ પણ નિર્ણય નિર્ણયકારના સુષુપ્ત [subconscious] વલણ ઉપર આધાર રાખે છે. એટલે દળીદળીને ઢાંકણીમાં ઉધરાવવા બરોબર લગભગ થાય છે. પણ નીતિશાસ્ત્ર વિષય જ એવો છે. પદ્મિનીએ આ જ નિમિત્તને લક્ષમાં રાખી, પરિસ્થિતિ, પૂર્વઇતિહાસ, ઉદ્દેશ, પરિણામ આદિ અંશોને તપાસી, મૂલ્યાંકન કરી પોતાનો ભયાનક-સુંદર નિર્ણય કર્યો હતો.

**જીવિત અને સંસ્કૃતિ**

સામાજીક જીવનનો ઉદ્દેશ જીવનસંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન કરવાનો છે. સંસ્કૃતિનું સંવર્ધન કે સંરક્ષણ હજારો લોકો જીવતા રહી શકે, કે અદ્વિતીય એવી કલાકૃતિ રક્ષિત રહી શકે તેનાથી નથી થતું, પણ તત્વનું ગૌરવ વધે અને ગમે તે ભોગે તત્વનું જીવન અમર રહે તેના વડે થાય છે. મહાન સિકંદરને વિષે એવું કહેવાય છે કે એણે થિબ્ઝ જીત્યું, લૂટયું અને બાળ્યું, પણ થિબ્ઝમાં રહેતા એક કવિને અસ્પૃષ્ટ રહેવા દીધો. કવિઓ સંસ્કૃતિના દ્યોતક છે કે નહિ એ પ્રશ્ન બાજુએ રાખીએ; તો પણ સિકંદરે એક તત્વનું ગૌરવ કર્યું, અને જગતને પોતાની લોહીખરડી તલવાર ઊંચી કરી જાહેર કર્યું "મારે પ્રજાનાશ કરવો છે; પણ સંસ્કૃતિનું જીવન અમર તપો !"

**સમાજ અને વ્યક્તિત્વ**

બીજો પ્રશ્ન એ ઊઠે છે કે પદ્મિનીના શિયળનું સ્વામી કોણ? સમાજ કે પદ્મિની પોતે? અમેરિકન મુસાફરોની ઉપલકિયા અને ઉતાવળિયા મનોવૃત્તિ વાળા યુરોપીય લેખકોના ચશ્મામાંથી જોવા ટેવાયલા કેટલાક હિન્દી વિચારકો પણ એમ કહે છે કે આર્યાવર્તનું સમાજશાસ્ત્ર ગ્રીસ કે રોમના સમાજશાસ્ત્ર જેટલું વિકસિત, વ્યવસ્થિત કે સમુહહિત પ્રધાન નથી. ઉપર ઉપરથી જોતાં

એમનું કહેવું સાચું લાગે છે. પણ આર્યાવર્તનું સમાજ-શાસ્ત્ર આપણે ધારીયે છીએ એટલું છીછરું નથી. જ્યાં પાશ્ચિમાત્ય સમાજશાસ્ત્રો સમુહના હિતમાં વ્યક્તિને હોમાઈ જવાનું ફરમાવે છે ત્યાં આર્યોનું સમાજશાસ્ત્ર વ્યક્તિના હિતમાં સમાજને જરૂર પડે તો ખાખ થઈ જવા ઉપદેશ કરે છે. જ્યાં પશ્ચિમની નીતિવૃત્તિ વ્યક્તિને મોકળી મૂકી સ્વેચ્છાચાર કરવાની પરવાનગી આપે છે, ત્યાં હિન્દુઓ ઉગ્રપણે સમાજનું શાસન પ્રસ્થાપિત કરે છે. આ સ્પષ્ટ છતાં હજી સુધી અસ્પષ્ટ રહેલો સ્વભાવભેદ કાળજી પૂર્વક સમજવા જેવો છે.

સ્વધર્મ કે સ્વનીતિની બાબતમાં વ્યક્તિને આર્ય-સમાજશાસ્ત્ર સર્વોપરી માને છે. ધર્મ કે નીતિના કોઈ પણ વિષયમાં વ્યક્તિની આડે આવવાનો હિન્દુસમાજશાસ્ત્ર કદિ પ્રયત્ન કર્યો નથી. એ વસ્તુ એના સ્વભાવમાં નથી. વિધર્મીઓને ન વટલાવતાં સ્વધર્મના નિધાનમાં રહેવા દઇને સ્વતંત્ર વિકાસ કરવા દીધો છે. એજ વસ્તુની અંદર આર્યસમાજશાસ્ત્રનો એ સ્વભાવ સ્ફૂટ થાય છે. હિન્દુ-સમાજના સભ્યો સમાજને શરીર વેચે છે પણ આત્મા વેચતા નથી. અને શિયળને શરીરના નહિ પણ આત્માના ગુણ તરીકે હિન્દુઓએ કેળવ્યું છે.

ધર્મ અને નીતિની બાબતમાં હિન્દુસમાજશાસ્ત્ર આટલું સહિષ્ણું હોવા છતાં અધર્મ અને અનીતિ કે

પ્રજાદ્વેષી તત્વો સામે હિન્દુમાનસ એટલી જ ભયાનક રીતે અસહિષ્ણુ છે. જગતમાં એકબીજાનાં જીવનમા માથું ન મારવું એવો ઉપદેશ કરતું liberalism ફેલાતું જાય છે. પરંતુ એ liberalism અંતે સંસ્કૃતિનો નાશ કરનાર વસ્તુ છે. એકબીજાના જીવનમાં માથું મારવાની હિન્દુઓની ટેવ જોઈને પરદેશીઓ અને પરદેશીઓના લોહીમાંથી નહિ તો લખાણોમાંથી ઘડાએલા કેટલાક હિન્દુએ પણ અકળાય છે. “ હું ગમે તે કરું. સમાજને જ્યાં સુધી મારું વર્તન સીધી રીતે હરકત ન કરતું હોય ત્યાં સુધી તેમને મારા જીવનમાં માથું મારવાનો શો અધિકાર ? ” આવી એમની મનોદશા હોય છે. પણ સીધી હરકત એટલે શું ? કોઈ ખૂન કરે તો સમાજ વ્યવસ્થામાં વાંધો આવે, અને પરણેતરને બેવફા નીવડે તો કશી હાનિ ન થાય એમ ? આ ઉપરથી જણાશે કે અનીતિની બાબતમાં હિન્દુ લોહી અસહિષ્ણુ છે. અને એવી તેજસ્વી અસહિષ્ણુતા જ સાચી રખેવાળ છે.

જ્યાં સુધી પુરુષોના હાથમાં કેળવણીની સત્તા રહી ત્યાં સુધી સ્ત્રીઓ પોતાને કેમ વિશેષ **સાધન અને** ઉપયોગી થાય એ દૃષ્ટિબિન્દુ રાખીને **સાધ્ય** જ તેઓએ તેઓની કેળવણી ઘડી. પરિણામે સ્ત્રીઓનું માનસ જ પુરુષોની મનોરંજના થવાનું થઈ ગયું. પીઠાવાળાઓ અને મજૂરોનું

લોહી ચૂસતા મીલમાલેકો અને માલેતુજારોના પૈસા ઉપર નભતી સમાજસેવા સંસ્થાઓમાં સડો પેઠો અને એ સંસ્થાઓની કેળવણી લોકમાનસને ભ્રષ્ટ કરવા લાગી. એમ જ એક સ્ત્રીના શિયળની કિંમત આપીને ખરીદેલાં જીવન અને લાજમરજાદ એટલાં તો વિષમય નીવડે કે શીતળાની માફક પ્રજા શરીરને રૂંવે રૂંવે ફૂટી નીકળે.

**તદ્યુગનો મહદ્ગુણ** પ્રાશ્ચાત્ય નીતિશાસ્ત્રના લગભગ ઉગમમાં પહોંચીએ તો પ્લેટોએ કરેલું સદ્ગુણોનું વર્ગીકરણ ખાસ ધ્યાન ખેંચે છે. એણે સદ્ભાવનાને ચાર મહદ્ગુણો [Cardinal virtues] નીચે વહેંચી નાખી છે. પણ મહદ્ગુણનો સ્વભાવ પાણી જેવો છે. પ્રકાશની સાથે જેમ પાણીનો રંગ બદલાય છે, તેમ જમાને જમાને મહદ્ગુણો બદલાયા કરે છે. ગ્રીક અને રોમન પ્રજાનો મહદ્ગુણ હિંમત અથવા મર્દાનગી હતો. શરૂઆતના ક્રિશ્ચયનોનો મહદ્ગુણ દાન હતો. મધ્યયુગનો મહદ્ગુણ પરદુઃખભંજન પરાક્રમ; ૧૮ મી સદીમાં ઉપકારૌદાર્ય મહદ્ગુણ તરીકે પ્રતિષ્ઠિત હતો. લેસ્લી સ્ટીફનના શબ્દોમાં કહીએ તો આજના યૂરોપનો મહદ્ગુણ તંત્રબદ્ધ ન્યાય ગણાય[૬] : એ રીતે

[૬] "Each age has had its cardinal [or Papal] virtue. Among the Greeks and Romans it was

આર્યાવર્તના યુગોના મહદ્‌ગુણોની માળા રજૂ કરી શકાય; અને રાજપૂત યુગના મહદ્‌ગુણોમાં ટેક અને શિયળ મૂકી શકાય. તો તો પદ્મિનાનો નિર્ણય તદ્‌યુગ ધર્મને અનુકૂળ હોઈ એકમાત્ર શકયતા હતો.

હજી જરા ઊંડા ઉતરીએ. પદ્મિનીનું શિયળ ભ્રષ્ટ ન



courage, or manliness; among the early Christians it was charity; in the middle ages, chivalry; in the eighteenth century benevolence; to-day, perhaps, it is what Mr. Leslie Stephen calls organic justice.

The Elements of Ethics,
T. H. Muirhead.
P. 208.

થવા દેતાં રાજપૂતોએ પોતાની, કુળની અને રાજ્યની આહુતિ આપી. પણ પરિણામ શું આવ્યું ? પોતે ગયા, રાજ્ય ગયું, પદ્મિની ગઈ, હજારો નિર્દોષો ઉપર જૂલ્મો ગૂજર્યા; અનેક અબળાઓની લાજ લૂંટાઈ. શું સાર નીકળ્યો ? સંસ્કૃતિનું શું રક્ષણ થયું ? શિયળ શું સચવાયું ? પ્રજામાનસ ગૌરવાન્વિત બન્યું કે હાડમારીઓને અંગે શિથિલ, નામર્દ અને વિકૃત બન્યું ?

**તર્ક અને શ્રદ્ધા**

પાશ્ચાત્ય માનસને જે વસ્તુ મૂર્ખાઈ ભરેલી લાગે છે, તે આર્યહૃદયને દીવા જેવી સ્પષ્ટ છે. મનુષ્ય બુદ્ધિને મર્યાદા છે, અને શ્રદ્ધા વિના એકે શાસ્ત્ર સંભવતું નથી. વિજ્ઞાન જેવા જડશાસ્ત્રમાં પણ અમુક બનવાનો સંભવ છે એમ મન સાથે નક્કી કર્યા પછી જ શોધકો શોધ કરવા પ્રેરાય છે. તો પછી ધર્મ જેવા ભાવાત્મક અને બુદ્ધિની મર્યાદા જ્યાં પૂરી થાય છે ત્યાંથી જ જેની શરૂઆત થાય છે એવા વિષયમાં શ્રદ્ધા રાખ્યા વિના કેમ ચાલે ? તાર્કિક લોકોએ જોવાનું માત્ર એટલું જ કે એ શ્રદ્ધાનો ઇતિહાસ શું સિદ્ધ કરે છે ? સાચી શ્રદ્ધાએ મનુષ્ય જીવનને અને જગત ધર્મને વિશુદ્ધતર કર્યાં છે કે જડ ? જો પ્હેલું સાચું લાગે તો શ્રદ્ધાને હસી કાઢવી એ તર્કને, અરે ખુદ પ્રમાણશાસ્ત્રને હસી કાઢવા બરાબર નથી ?

સહરાના રણમાં કોઈ એક માણસ સત્કર્મ કરે અને ત્યાંને ત્યાં જ મરી જાય. એનો સંદેશો લાવવા માણસ તો શું પણ પશુ, પક્ષી, વનસ્પતિ કે પ્રાણી પણ ન હોય, છતાં શ્રદ્ધા માને છે કે, એની જગતના જીવન ઉપર, અને વ્યક્તિના હૃદય ઉપર અસર થાય છે. પરમ કલ્યાણમાં એ સત્કર્મનો પણ યત્કિંચિત ફાળો હશે એમ આર્યશ્રદ્ધા માને છે. અને "વાયરલેસ" જેવી શુદ્ધ પાર્થિવ શોધો પણ એવી સૂક્ષ્મતલ શ્રદ્ધાને પરિપુષ્ઠ નથી કરતી? ભાવનાને પણ મોજાં છે. હિમાલયની ગહન ગુફામાં તપ કરતા સાધુની જગતના જીવન ઉપર અસર છે.

**ભાવનાનો વિજય**

જેમ પાપીને મારી નાખવાથી પાપનો નાશ નથી થતો, તેમ પુણ્યશાળીના મૃત્યુ સાથે પુણ્યનું વિસર્જન નથી થતું. કલ્યાણમયી ભાવનાથી કરેલું કર્મ અફળ નથી જતું એ વિષે આર્યોને અચિચળ શ્રદ્ધા છે. એના બળ ઉપર તો રજપૂતોનું બલિદાન રચાયું છે. એ જ શ્રદ્ધાના બળ ઉપર રૂપવતી રાજપૂતાણીઓનું ચિતાજ્વલન મંડાયું છે. અને કોણ કહી શકે છે કે ભયંકર હાડમારીના પ્રસંગો વચ્ચે, ઝેરી લાલસાઓના પ્રબળતમ ફૂંફાડાઓ વચ્ચે' ગુલામીને લીધે દીનહીન થઈ ગયેલી મનોદશામાં પણ આર્ય રમણીના શિયળની અસ્પૃષ્ટતા પોતાના સતિત્વના સિંચનથી

અમર થઇ જશે એ પદ્મિનીની શ્રદ્ધા સાચી નથી ઠરી ? ૭

**સબળ નિર્બળતા** નાટકમાં આવતાં પાત્રોના મુખમાં જડઆંતોડ દલીલો ન મૂકતાં વારે વારે 'રાજપૂતો શિયળને ત્રાજવામાં મૂકતાં શીખ્યા નથી.' એવાં એવાં વાકયો મૂકીને મેં માત્ર ઐતિહાસિક ઔચિત્ય જાળવવાનો પ્રયત્ન નથી કર્યો, પરંતુ રાજપૂતોના હૃદયની અમાપ શ્રદ્ધાનું દર્શન કરાવવાનોયે યત્ન કર્યો છે.

પદ્મિનીના શિયળનો ભંગ અને હજારો રાજપૂતોની પ્રાણ હાનિ એ બે વિનષ્ટિઓ વચ્ચે મહતિ વિનષ્ટિ કઇ

[ ૭ ] સમર્થનમાં વાંચોઃ—" તર્કમાં શૌર્ય નથી, તર્કમાં વીર્ય નથી, તર્કમાં કાર્યપ્રેરક સાહસ નથી, તર્કમાં ત્યાગ નથી. તર્ક નિરંતર જાગ્રત રહે છે, તેથી તેની આંખો તર રહે છે. તર્ક અતિ સાવધાન હોય છે, તેથી તે નિર્દય હોય છે. એકલો તર્ક મનુષ્યને સ્વહિતવાદી બનાવી અધોગતિની ખાડમાં નાખે છે. તર્કમાં વૈશ્ય ધર્મનાં ત્રાજવાં હોય છે.

ભાવનામાં વીરવૃત્તિ છે. ભાવનામાં દિવ્યદૃષ્ટિ છે. પોતાના ભોળપણથીજ ભાવના હંમેશાં સુરક્ષિત રહે છે. ભાવનાના અતિરેકથી થનારૂં નુકશાન ક્ષણિક અને તુચ્છ હોય છે. તર્કના અતિરેકથી થતી હાનિ આત્માનેજ ક્ષીણ કરી નાખે છે. "

કાલેલકરના લેખો ભા. ૧ લો.
'તર્ક અને ભાવના' પૃ. ૪૭૪.

એ વિષે રાજપૂતોને વિચારવાપણું જ ન્હોતું. "કાજી, પદ્મિનીનું શિયળ માગતાં તમારી જીભ કેમ તૂટી પડતી નથી?" એ વાક્યમાં આર્યઅકળામણ છે. રાજપૂતોને એવો વિચાર પણ અસહ્ય છે. રાજપૂતોની–હિન્દુઓની એ નિર્બળતા છે, પણ એ નિર્બળતામાં જ ખરી સબળતા સમાયેલી છે. મેં એવા પ્રેમળ વિદ્યાર્થીઓ જોયા છે કે જેઓની બીજા ગુંડા વિદ્યાર્થીઓ ભયાનક મશ્કરી કરે છતાં પોતે કેળવવા માગે તોય તેઓની તરફ ક્રોધ કે તિરસ્કાર ન કેળવી શકે. એ અશક્તિ હોવા છતાં મૂળમાં શક્તિ છે. રાજપૂતોની એ અશક્તિમાં અગસ્ત્યથી માંડીને આજ સુધીના હિન્દુ ધર્મની, હિન્દુ નીતિશાસ્ત્રની, આર્ય સમાજશાસ્ત્રની તપશ્ચર્યાની તેજસ્વીતા છૂપાયેલી છે.

**પદ્મિનીના નિશ્ચયનું માનસ**

પદ્મિનીના નિર્ણયમાં પોતાની જાતને બચાવી લેવાની ઇચ્છા હતી, કે પોતાની જાતનું બલિદાન દેવાની તત્પરતા હતી, એની માનસ શાસ્ત્રીય અન્વેષણ કરવી બહુ રસપ્રદ થશે. પ્રાણી માત્રમાં સંરક્ષણની સહજ પ્રવૃત્તિ હોય છે. માણસની એ સંરક્ષણની સહજ પ્રવૃત્તિ વિકાસ પામે અને માત્ર શારીરિક સલામતીઓ છોડી, વધારે સૂક્ષ્મ એવી સલામતીઓ તરફ એ વળે, એથી વધારે વિકાસ થાય; ત્યારે સામાજીક કલ્યાણમાં પરિણમી એ લગભગ અદૃશ્ય થાય.

વ્યક્તિના બલિદાન વિના સમષ્ટિનો વિકાસ સંભવવો બહુ મૂશ્કેલ છે. વ્યક્તિના એ બલિદાનની શરૂઆત નિર્બ-ળતાઓ-દુર્ગુણોના સન્યાસથી કરવાની હોય છે. કેમકે દુર્ગુણો વ્યક્તિ પ્રધાન હોઈ સ્વચ્છંદ જ હોય છે. અને સ્વચ્છંદને અને સમાજને શત્રુતા છે.[૮]

આર્યભાવનાના આવા ઉત્કટ અગ્નિમાં પાકેલી પદ્મિનીને વિષે સમાજની કલ્યાણભાવનાને નિષ્કલંક રાખવા માટે વ્યક્તિઓનું [ જેમાં પોતાને મોખરે સ્થાપ-વાનું છે. ] બલિદાન દેવાની કર્તવ્યબુદ્ધિ સિવાય બીજું શું સંભવે ? એ પોતાના હાડચામને તુષ્ટમાન કરવાનો નિર્ણય કેમ કરી શકે ? ક્ષત્રિયસમુદાયની અસંખ્ય વ્યક્તિઓને સમાજની સંશુદ્ધિ માટે મૃત્યુના મુખમાં હોમી દેવાનું એને કાંઈ બહુ રસપ્રદ નહિ થયું હોય !

---

**સરખાવો:**

[૮] "Where there is progress, it is the result of a more and more complete sacrifice of the individual to the general interest. Each one is compelled first of all to renounce his vices, which are acts of independence."

The life of the Bee,
By Maurice Matterlinck,
Page 208.

વળી અસહાય દશામાં થયેલા શિયળભંગમાં અને કકળતા હૃદયે છતાં સંમતિથી સ્વીકારેલા શિયળભંગમાં ખૂબ તફાવત છે.

પહેલામાં માત્ર નિર્બળતા છે; જ્યારે બીજામાં નિર્બળતા તો છેજ, પણ એની અસર પણ નિર્બળતા જન્માવનારી છે. માટેજ પદ્મિની ગૌરવથી કહી શકે છે કે; શહેનશાહ! તારા કરતાં એ વિનાશ હું વિશેષ અને વિશિષ્ટ સ્વરૂપમાં જોઈ શકું છું. પશુ જેવા યવનો હિન્દુબાળાઓના શરીર ચૂંથશે, એમનાં શિયળ અભડાવશે. પણ શું કરું સમ્રાટ? બન્ને કપટી વિનષ્ટિઓ હતી. એમાંથી મહતિ વિનષ્ટિમાંથી ઉગરી જવું રાજપૂતોએ ઉચિત ધાર્યું આથી પ્રજાનાશ થશે, અને ઉપર ઉપરથી જોનારને ધર્મનાશ, અને નીતિનાશ પણ જણાશે. પણ એથીયે મહાનાશ તો મેં તારી હીન માગણીનો સ્વીકાર કર્યો હોત તો થાત. આ નાશમાંથી તો કોઇ કાળે ઉગરવા વારો છે. પણ આર્યકૂળની સૌભાગ્ય દેવીએ ડંખતે હૃદયે છતાં સંમતિથી સ્વીકારેલા શિયળભંગની શિથિલતા શીતળાની માફક પ્રજાને રૂંવે રૂંવે ફૂટી નીકળત! પ્રજાનો તેનો વધ થાત! અને પૃથ્વીના પ્રલયકાળ સુધી એ શિથિલતા નીતિને માર્ગે સૂક્ષ્મ સંહાર મચાવત! ભોગ ભૂખ્યાઓ નરપિશાચ, રાજપુતોને ક્ષત્રાણીના શિયળથી ખરીદાએલું જીવદ્દાન, અને ચારિત્ર્યના બદલામાં આવેલો રોટલો ગોમાંસ બરાબર હોય છે!"

અને ભગવતિ ગીતાએ તો પોતાનો **વરદ** હસ્ત પ્રસારી પદ્મિનીને ત્રિકાલાબાધિત આશ્વાસન આપે છે કેઃ-

**नहि कल्याण कृत्वाश्चित् दुर्गतिम् तात! गच्छति।**

---

# धरती

## સમય ઈ. સ. ૧૨૯૦ની આસપાસનો.

યવનોના એક પછી એક થતા આક્રમણોથી ઉત્તર આર્યાવર્ત ઉજ્જડ થતો જાય છે. ઐશ્વર્ય અને શક્તિવન્તા સામ્રાજ્યો, તથા દેદિપ્યમાન અને સમૃદ્ધ શહેરો ધીમે ધીમે પડતાં જાય છે. અસ્ત થતી સંધ્યા સમો ઘેરો વિષાદ આખા આર્યાવર્ત ઉપર છવાઈ ગયો છે.

ભૂતકાલની જાજ્વલ્યમાન સંસ્કૃતિના અવશેષ સમાં જીર્ણ નગરો વચ્ચે, હિન્દુપદ–પાદશાહીના જર્જરિત ધ્વજને મહામહેનતે ટેકવી રાખી, અરાવલીની ટેકરીઓ વચ્ચે ચિતોડગઢ ઉન્નત મસ્તકે ઉભો છે. વેરાન પ્હાડીઓ વચ્ચે આવેલા એ અજીત દુર્ગમાં આજ પહેલાં થયેલા હુમલાઓના સ્મૃત્યાવશેષ સમાં ભંગાણ પડ્યાં છે.

## પદ્મિની

ચિતોડ ઉપર મહારાણા લક્ષ્મણસિંહની આણ વર્તે છે. મહારાણાની સગીરાવસ્થામાં ચિતોડને ટકાવી રાખનાર રાણા ભીમસિંહના હાથમાં હજી પણ અધિકારબળે રાજ્યની લગામ છે.

દક્ષિણમાં જીત મેળવીને યવન સમ્રાટ અલાઉદ્દીન ખીલજી ગિરિકૂટ ઉપર છાવણી નાખી ચિતોડને ઘેરો ઘાલી પડ્યો છે. તેના પ્હેલા હુમલાના ઘા રૂઝાયા ન્હોતા એવી સ્થિતિમાં આ બીજો હલ્લો ખમવાની ચિતોડમાં તાકાત રહી નથી. છતાં રાજપૂતો જીવની અણી ઉપર આવી લઢે છે. અને સ્વાધીનતાની લીલાભૂમિનું સંરક્ષણ કરે છે. દિવસે દિવસે અલાઉદ્દીનનો મૃત્યુપંજો સખત થતો જાય છે, અને ચિતોડમાં ભૂખમરો ફેલાય છે.

ઘનઘોર આકાશમાં વિજળીનો ચમકારો થઇ ઠરી જાય; અને અંધકાર વિશેષ ઘોર બને તેમ ઈતિહાસમાં પણ બને.

—અને આથમતી જતી આર્યવિભૂતિનો એવો એક ચમકારો એ આ નાટકનો વિષય છે.

# પહેલો અંક

[ **સ્થલકાલ:** રૂપરાણી પદ્મિનીના પ્રતિબિમ્બનું દર્પણમાં પણ દર્શન કરવા દેવામાં આવે તો પોતાને સંતોષ થાય, અને પોતે ઘેરો ઉઠાવી ચાલતો થાય એવી યવન સમ્રાટ અલાઉદ્દીન ખીલજીની માગણીનો રાણા ભીમસિંહે સ્વીકાર કર્યો છે. સંધિ મુજબ અલાઉદ્દીન પ્રતિબિમ્બનું દર્શન કરી ચિતોડગઢમાંથી પાછો ફર્યો. છે. રાણા ભીમસિંહ મિત્રભાવે એને સિંહપૌરી સુધી વળાવવા ગયા છે.

રાજમહાલયની ચંદ્રશાળામાં મહારાણા લક્ષ્મણસિંહ, રાજકુમાર અચ્યુતસિંહ, રાજકુમાર અજયસિંહ, મંત્રીશ્વર કેદારનાથ અને દુર્ગપાળ બાદલ, કોઈની રાહ જોતા હોય તેમ દક્ષિણ તરફના કાંગરા પકડી દૂર દૂર નજર કરતા ઉભા છે. ચંદ્રશાળાની નીચે મોટો સભાચોક છે, અને પછી તરતજ ચિતોડનો પડછંદ કિલ્લો શરૂ થાય છે. આઘે આઘે ટેકરીઓ વચ્ચે લગભગ ક્ષિતિજમાં અલાઉદ્દીનની છાવણીની શિબિરો દેખાય છે.

પાછળ ઉત્તર તરફ મહાલયનો ત્રીજો મજલો શરૂ થાય છે. એક બાજુપર રણવાસ તરફ જવાનો લાંબો માર્ગ છે, અને બીજી બાજુ મહાલયના મોટા મોટા પાષાણ સ્તંભોની હારમાળા છે. પશ્ચિમ તરફ ચંદ્રશાળામાંથી નીચે ઉતરવાનાં પગથિયાંઓ છે.

ચંદ્રશાળાની મધ્યમાં ચિતાચોક છે, અને એનો કઠેડો ઝીણી કારીગરીથી આભુષિત છે. વચ્ચે વચ્ચે ત્રિશૂળ અને સાથિયાની ભાત ચીતરેલી છે.

થોડી વારે અચ્યુતસિંહ પશ્ચિમ તરફ ફરે છે, અને આછી થતી સંધ્યાના રંગોને આંખોથી પી હૃદયમાં ભરે છે. પછી પાછળ ફરી અજયસિંહ પાસે જાય છે.

**અચ્યુત**

[ અજયસિંહને ખભે હાથ મૂકી ] **અજય ! જો તો ખરો ! સંધ્યા કેવી ખીલી છે !**

[ બધા નજર ફેરવી કાંગરાને ટેકવાઈ પશ્ચિમાકાશમાં નજર ઠેરવે છે. ]

**અજય**

[ થોડી વારે ] **આખો દિવસ પુણ્યપ્રકોપ વર્ષાવી શકિત સતી થવા જાય છે.**

**કેદારનાથ**

**ચાલમાં વિષાદ છે, છતાં અંગમાં આધાનું ગૌરવ છે.**

## લક્ષ્મણસિંહ

શક્તિને મરતાં આવડે છે.

[બધા મહારાણાની આકાશ તરફ તાકતી કડક આંખો તરફ જુએ છે. મહારાણા એક પળ માટે કેદારનાથની આંખોમાં આંખો પરોવે છે. પછી સ્હેજ આછું ખેદયુક્ત હસી, ઝંખવાતી સંધ્યા સામે ફરી જોવું શરૂ કરે છે.

રૂપરાણી પદ્મિની રણવાસની પગથાર ઉતરી ગૌરવભર્યા ડગલે ઉત્તર તરફના એક બાજુના કાંગરાઓ તરફ જાય છે; અને અરવલીની ટેકરીઓમાં કંઇક શોધવા મથે છે. ટેકરીઓ પણ એ કૃતાર્થકારી નમણી નજર પામવા પોતાની ડોકો ઊંચીનીચી કરતી ન હોય જાણે!

વચ્ચેથી સિદ્ધી સેંથી પાડી મહીં સિંદુર પૂર્યો છે. પ્રભાવંતા કપાળ તળે આછી આછી બીજકલા સમી ભ્રમર છટા, અને તેઓની નીચે પ્રેમસરવરશી મોટી આંખો, પાતળું પોપટિયું નાક, અને કમળદળ જેવા બીડાયેલા હોઠ: ચિતોડની રજપૂતાણીને છાજે એવો છતાં સાદો પહેરવેશ, અને પગમાં મોજડી.

કોઇની નજર જતી નથી. કાંગરા ઉપર કોણી ટેકવી, હથેળીમાં વદનકમળ ધરી, પાતળી કટિનો ભંગ કરી એ દૂર દૂર જોઈ રહે છે.]

બાદલ

શક્તિને મરવાનું મન નથી. પણ સમજે છે કે જીવવામાં સાર નથી.

અજય

જોયું અચ્યુત ! શક્તિની પ્રભા વધે છે.

લક્ષ્મણસિંહ

હંમેશ માટે હોલવાઈ જતાં પહેલાં એકવાર એને દિવ્ય ચમકારો કરી લેવો છે.

અચ્યુત

અને એ ચમકારો અંધકારને વધારે મ્લાન બનાવવા માટે છે.

અજય

કેમકે એ જાણે છે કે એ ચમકારો કરે કે ન કરે, અંધકાર તો આવવાનો જ છે.

[ પદ્મિની આંખો ફેરવે છે, અને બેદરકારીથી વાતો સાંભળતી ઉભી રહે છે. ]

બાદલ

શક્તિ એ જાણે છે છતાં જીવન તરફ શા માટે પાછું ફરી એક નજર નાખી લેતી હશે ?

લક્ષ્મણસિંહ

પણ આપણે આ શું ગાંડપણ માંડયું છે ?

[ મહારાણા સુક્કુ હસે છે. પદ્મિની આગળ આવી બાદલ પાસે ઉભી રહે છે. ]

પદ્મિની

એ ગાંડપણ નથી, મહારાણા ! બાદલવીર ! હમણાં બોલ્યો તે ફરીથી બોલીશ ?

[ બાદલને છાતીએ ચાંપે છે. પદ્મિનીને જોઈ બધા ચમકે છે, અને સ્વસ્થ થાય છે. મહારાણાના મોઢા ઉપર આછી શ્યામરેખા પથરાય છે. ]

લક્ષ્મણસિંહ

મહાદેવી ! હજી એના એજ વિચારો આવે છે ?

પદ્મિની

હું શું કરું, મહારાણા ! આખો દિવસ આંસુમાં નાહી તોય થાય છે કે અંગને અભડાવનારો જે સૂક્ષ્મ પડછાયો અડી ગયો તે ભુંસાતો જ નથી.

લક્ષ્મણસિંહ

[ કચવાતા ] પણ તમે તો એને જોયો પણ નથી, અને તમારી ઉપર એ મ્લેચ્છની એઠી નજર

પણ પડી નથી. વાત તો માત્ર દર્પણના પ્રતિબિંબની હતી, મહાદેવી !

પદ્મિની

શક્તિને વિનાશનું જ્ઞાન છે; છતાંય પાછું ફરી જીવન તરફ શા માટે એક નજર નાખી લેતી હશે, મહારાણા ?

[ સહુ અસ્વસ્થ થાય છે. ]

લક્ષ્મણસિંહ

[ થોડીવારે ] એવું શા માટે કહો છો, મહાદેવી ?

[ પદ્મિની કાંઈ જવાબ ન દેતાં વદન ફેરવી લે છે. ગૌરવભર્યાં ડગલાં ભરતી કાંગરા પાસે આવી પહેલાંની જેમ કાંગરા પર કોણી ટેકવી, હથેલીમાં વદનકમળ ધરી, અરાવલીની ટેકરીઓમાં કંઈક શોધવા મથે છે.

ધીમે ધીમે બધા કાંગરા પાસે જાય છે અને દૂર દેખાતા અલાઉદ્દીનના પડાવ તરફ નજર નાખે છે. ]

પદ્મિની

[ ઉંઘમાંથી જાગતી હોય તેમ ] હજી કેમ નહિ આવ્યા હોય ?

અજય

વખત તો બહુ વીતી ગયો. રાણા કહેતા હતા કે સુલતાનને સિંહપૌરી સુધી પહોંચાડી પોતે

તરતજ પાછા ફરશે એટલે ગઢના દરવાજા બંધ ન કરવા.

લક્ષ્મણસિંહ

પણ વેળા તો વીતી જવા આવી. કશું થયું તો....[ એકદમ અચકાય છે ] દુર્ગપાળ, કોટના દરવાજા બંધ કરાવો, અને દરવાનને કહી રાખો કે દરવાજા ઉપર એક સાથે સાત અને પછી એક એમ ટકોરા થાય એટલે બાજુ-બાર વિના વિલંબે ખોલી દે !

× × ×

બાદલ

જેવી આજ્ઞા મહારાણા ! [ મહારાણાને પ્રણામ કરી પશ્ચિમ તરફનાં પગથિયાં ઉતરી જાય છે ]

કેદારનાથ

દૂર રસ્તા ઉપર ધૂળ ઉડે છે. કોઇ મારતે ઘોડે ઘર તરફ આવે છે. હું ધારતો જ હતો કે રાણાજી રસ્તા ઉપર હશે !

[ બધા ડોક લંબાવી ઉત્તરમાં નજર નાખે છે ]

પદ્મિની

એ દેવનો ઘોડો ન હોય! દેવનો ઘોડો દોડે

છે ત્યારે તો ધરતી ધણધણી ઉઠે છે. એ અશ્વિનીની ચાલ નહિ !

અજય

ના, એ અશ્વિનીની ચાલ નહિ ! કોઇ બીજુંજ જણાય છે.

પદ્મિની

આજ સવારથી મને માનશુકન થાય છે. હૃદયમાં પારેવું પેઠું છે.

અજય

મને એ મ્લેચ્છ ઉપર વિશ્વાસજ નથી. એ ક્યારે શું કરી બેસે તે કહેવાય નહિ ! અને બાપુ એમજ........

[ ઉગ્ર થઈ કંઇક બોલવા જાય છે પણ જાતને વારી લઈ મહારાણા તરફ જોઇ રહે છે. ]

લક્ષ્મણસિંહ

આજે તો સૌ મારી ઉપર તૂટી પડયાં છો. અજય, મારા પ્યારા બેટા, તારા મોઢામાં એ શબ્દો ભળતા નથી. આંગણે મિત્રદાવે આવેલા શત્રુને રાજપૂતોને છાજે એવું સન્માન આપવું જોઇયે. અને હવે તો મ્લેચ્છ સમ્રાટ સેના ઉઠાવી ચાલ્યો જનાર છે. એવી સ્થિતિમાં..........

[ મહારાણા આગળ બોલવા જાય છે. ત્યાં પગથિયાં ચડી દ્વારપાળ આવે છે. અને પ્રણામ કરી ઉભો રહે છે. ]

દ્વારપાલ

મહારાજ ! રાણાજી સાથે ગયેલો એક સ્વાર મારતે ઘોડે પાછો આવ્યો છે. એના પેટનાં આંતરડાં તૂટી ગયાં છે. આપને એ સત્વર મળવા ચાહે છે.

લક્ષ્મણસિંહ

એમને જલદી લઇ આવો !

પદ્મિની

ઓહ, ભગવાન ! આ શું થવા બેઠું છે ? મારી જમણી આંખ ફરકે છે.

[ પગથાર ઉપર બેસી જાય છે. અજયસિંહ અને અચ્યુતસિંહ પાસે જાય છે. ]

અચ્યુત

ગભરાઓ નહિ, મહાદેવી ! બધું ઠીક થઈ રહેશે.

અજય

અનેક પ્રહારો ઝીલ્યા છતાં ક્ષત્રિઓની નાડીઓમાં હજી લોહી વહે છે, અંબા !

[ સૈનિક દ્વારપાળને ખભે ટેકવાઇ ચઢી આવે છે, અને પ્રણામ કરવા જાય છે. પેટમાં દુઃખ થતાં 'ઓહ!' કરી પાછો સીધો થાય છે. ]

લક્ષ્મણસિંહ

બહાદુર સિપાહી! તને આ શું થયું? શા ખબર લાવ્યો છે? રાણાજી ક્યાં છે?

સૈનિક

જે બનાવ બની ગયો તેના ખબર આપવા છટકીને હું મારતે ઘોડે અહિં આવ્યો, માર્ગમાં મારાં આંતરડાં તૂટી ગયાં, મહારાણા!

લક્ષ્મણસિંહ

શું બની ગયું?

સૈનિક

દિલ્હીપતિને સિંહપોરી સુધી પહોંચાડી રાણાજી વિદાય લેવા ભેટતા હતા ત્યાં આસપાસની ઝાડીમાંથી યવન સનિકો તૂટી પડ્યા, અને રાણાજીને તથા તમામ સૈનિકોને ગિરફતાર કરી લીધા અને............હું........અને મહારાણા! હવે હું વધારે બોલી શકું એમ નથી. પ્રણામ....

લક્ષ્મણસિંહ

દ્વારપાલ, એને નીચેના બાજુ ખંડમાં લઇ

જઇ સુવાડી દો. વૈદરાજને બોલાવી પૂરતા ઉપચાર કરો.

[ દ્વારપાળ સૈનિકને લઇને જાય છે. મહારાણા પદ્મિની તરફ એક નજર કરી, નજર ચૂકવી આકાશ સામે જોવા લાગે છે. ]

**પદ્મિની**

યવનસમ્રાટ ઘેરો ઉઠાવી ક્યારે ચાલ્યો જાય છે, મહારાણા ?

**લક્ષ્મણસિંહ**

મારી ઉપર આટલાં કઠોર કેમ થાવ છો, મહાદેવી ?

[ પદ્મિની નજર ફેરવી ચિતાચોક તરફ જોવા લાગે છે. ]

**કેદારનાથ**

મહારાણા, હવે શોક કરવાનો સમય નથી. આપણે શા પગલાં લેવા માગીએ છીએ તે સત્વર નક્કી થઇ જવું જોઇયે.

**અજય**

મને લાગે છે કે........

[દ્વારપાળ પ્રવેશ કરે છે, અને પ્રણામ કરી ઉભો રહે છે.]

દ્વારપાળ

મહારાજ, દિલ્હીશ્વરના કાજી પધાર્યા છે, અને આપને મળવા માગે છે.

લક્ષ્મણસિંહ

એમને અહિ મોકલો.

[ દ્વારપાળ જાય છે. ]

મહાદેવી ! દિલ્હીશ્વરના કાજી આવે છે, તમે રણવાસમાં જશો ?

[ મહારાણા ઉત્તરની રાહ જોતા ઉભા રહે છે. પદ્મિની કશો પણ ઉત્તર દીધા સિવાય રણવાસમાં ચાલી જાય છે.]

દ્વારપાળ

[ આવીને પ્રણામ કરી ] દિલ્હીશ્વરના કાજી પધારે છે.

[ પગથિયાં ચઢી કાજી આવે છે. એમની શ્વેત દાઢી પાછળ ખૂંધી ગરદન સંતાઈ જાય છે. બે ભમર વચ્ચેની કરચલીઓમાં ધર્મઝનૂન છે. એમણે લાંબો ઝભ્ભો પહેર્યો છે. દ્વારપાળ પ્રણામ કરી પગથિયાં ઉતરી પડે છે. ]

લક્ષ્મણસિંહ

પધારો જનાબ ! આજે તો દિવસમાં બે વખત આપને આવવું થયું !

કાજી

સ્વેચ્છાએ નથી આવ્યો, મહારાણા ! આ ગરદન ઉઠાવવાની હવે હિમ્મત રહી નથી. સમ્રાટનો સંદેશો લઈને આવ્યો છું.

અજયસિંહ

ત્યારે કહી નાખો, જનાબ ! વિલંબ કર્યે શી વિશેષતા ?

[ મહારાણા અજયસિંહ તરફ જુવે છે. ]

કાજી

હા, હું કહી જ નાખું. દિલ્હીશ્વર કહેવરાવે છે કે રાણા ભીમસિંહને મુક્ત કરવાનો અને ચિતોડને ઉગારવાનો હવે એકજ ઉપાય છે. ગૌરવ ગુમાનની બાલિશ વૃત્તિ છોડી વિચાર કરો....તો....

કેદારનાથ

અમારે શું કરવું તે અમે જાણીએ છીએ. આપ આપની ફરજ અદા કરો એટલે ઘણું, જનાબ !

કાજી

આટલા ઉગ્ર કેમ બનો છો, મંત્રીશ્વર ! વાત વાતમાં ખાંડાં ખખડાવવાથી રાજકારણના પ્રશ્નો ઉકલતા નથી, એ તો તમે જાણતા જ હશો !

લક્ષ્મણસિંહ

અંધારું થતું જાય છે, જનાબ! આવતી કાલની તૈયારી રૂપે આજની રાત ઉત્સવ કરવા હજી રજપૂતોને આદેશ આપવો પણ બાકી છે.

કાજી

તો સાંભળો; આકળા ન થઇ જતા. સમ્રાટ બદલામાં મહારાણી પદ્મિની માગે છે.

બધા

શું ?

કાજી

વિજળીનો આંચકો કેમ વાગે છે ?

લક્ષ્મણસિંહ

એવી માગણી કહી સંભળાવતાં તમારી જીભ તાળવે કેમ ચોંટી નથી જતી, કાજી ?

કેદાર

એવું માગતાં તમારું અંગ કંપી કેમ નથી ઉઠતું, જનાબ ?

અજય

રાજમહેલ માથે દેવી ચતુર્ભુજાનું અંગારા ઝરતું ત્રિશુળ નથી જોઇ શકાતું, યવનદૂત ?

કાજી

ગૌરવના ઘેનમાં ઉશ્કેરાઇ ભાન ભૂલવાનો આ સમય નથી એવું સમજો, રાણા ! વિચાર કરો, હજારો સ્ત્રીપુરુષોનો અને તમારા પ્યારા કાકાનો સવાલ એમાં સંડોવાએલો છે.

લક્ષ્મણસિંહ

કહેવાનું હતું તે કહી લીધું, કાજી ?

અજય

જો કહી લીધું હોય તો હવે સીધાવો, જનાબ ! અને તમારા મ્લેચ્છ-માલેકને કહો કે રાજપૂતોએ હાથમાં કંકણ નથી પહેર્યાં.

કાજી

તમને એમ કહેવાનો અધિકાર નથી. હજારોના જાનમાલ ઉપર હોડ બકવાનો કોઈને અધિકાર નથી.

કેદાર

અને અમારા અધિકાર-અનધિકારનો વિચાર આપને કરવાનો નથી.

કાજી

તમે પણ મંત્રીશ્વર ઉકળી ગયા ? સ્વસ્થ ચિત્તે વિચાર કરો, એકબાજુ એક રૂપવતી છે અને

બીજી બાજુ આખું ક્ષત્રિયકુળ છે. તમે જાણો તો છોજ કે આ માગણીનો અસ્વિકાર થતાં દિલ્હીસમ્રાટનો ખોફ ફાટી નીકળશે, અને ચિતોડગઢને ભસ્મિભૂત કરી મૂકશે. અનેક નિર્દોષ હિમ્મતવાન રાજપૂતોનાં લોહી રેડાશે. અને અસંખ્ય ક્ષત્રાણીઓ આક્રંદ કરી મૂકશે. પછી પશુ જેવા તુર્કો એમના પવિત્ર દેહને ચૂંથશે ! એક શિયળ સાચવવા જતાં અસંખ્ય શિયળોનો ભ્રષ્ટાચાર થશે, એનો તમને વિચાર સરખો નથી આવતો ?

[ થોડી વાર સૌ થંભી જાય છે. ]

કેદારનાથ

રાજપૂતો શિયળને ત્રાજવામાં મૂકતાં શીખ્યા નથી, જનાબ ! અમે જાણીયે છીયે કે હવે અમારો સૂર્ય આથમવા લાગ્યો છે. મહાદેવીનું શિયળ રક્ષવા જતાં અનેક ક્ષત્રાણીઓનાં શિયળ જોખમમાં છે, એ પણ અમારા ખ્યાલ બહાર નથી. પણ ક્ષત્રાણીઓને પોતાના શિયળનું રક્ષણ કરવું શિખવાડવું પડે એમ નથી. આપને એનો યથા સમયે અનુભવ થશે. અને એવું ન બને એમ માની લો ! તોય શું? અનિચ્છાએ છતાં સંમતિથી

રાજ્યલક્ષ્મીએ સ્વીકારેલો ભ્રષ્ટાચાર અમારા કુળધર્મનો વિનાશ કરે, અને અમારો નૈતિક અધઃપાત થાય. જગતની દૃષ્ટિએ અમે નાશ પામ્યા હશું! ઇતિહાસકારો લખશે કે બેવકૂફ રાજપૂતો કુળગૌરવમાં ધૂળભેગા થઇ ગયા, અને એમની અનાથ અબળાઓ ઉપર અત્યાચારોના ડુંગર ઉગ્યા. છતાંય જગતની એ હાંસી વચ્ચે અમારું ચારિત્ર્ય અસ્પૃષ્ટ અને અલૌકિક રહેશે. અને ભયંકર વિનિપાત અને પ્રલયકારી આપત્તિઓમાં પણ અમારી પ્રજામાં એ ચારિત્ર્યબળ, તેજસ્વિતાનું એક એવું સુષુપ્ત બિન્દુ મૂકી જશે કે કોઇ દિવસ, જ્યારે અમારો ફરી અરુણોદય થશે, ત્યારે સહસ્ત્ર સવિતાની જેમ એ ભભૂકી ઉઠશે અને જગતને આંજી દેશે.

કાજી

મંત્રીશ્વર, રૂઢીએ ઉભી કરેલી ગૌરવની ઈંદ્રજાળમાં અને પૂર્વજોએ રટી રટીને રૂઢ કરેલી શબ્દોની મોહજાળમાં તમે પણ ફસાઇ પડશો એમ મેં ન્હોતું ધાર્યું. જગતની શાંતિ તલવારોની પટ્ટાબાજીઓથી નથી સ્થાપવાની, જુના ગૌરવને સંભારી સંભારી આપણે કયાં સુધી એક બીજાનાં ગળાં

કાપ્યાં કરશું ? એક સ્ત્રીથી અનેકના પ્રાણ ઉગરી જતા હોય તો એ સ્ત્રી વધારે કે પ્રજા વધારે ? યુદ્ધથી નીતિનાશ કેટલો થાય છે એ મારે તમને સમજાવવાપણું ન હોય.

### લક્ષ્મણસિંહ

જનાબ, રાજપૂતોની એ ભાવના આપ નહિ સમજી શકો. એમા એક સ્ત્રીનો સવાલ નથી. એક સ્ત્રીના શિયળ પાછળ જીવનનું સનાતન શાશ્વત તત્ત્વ ઉભું છે. એ ગયું પછી જીવ્યા તોય શું અને જીવતાં દટાયા તોય શું ?

### કાજી

[ હસે છે ] હા....હા....હા....! ભૂતના ઓળાને ભેટવાનાં તમારાં બાથોડિયાં જોઇ મને હસવું આવે છે, રાજપૂતો !

### અજય

આપનો તુર્ક સમ્રાટ નિર્ભયપણે સિંહ જેવા રાજપૂતોની વચ્ચે અમારી રાજ્યલક્ષ્મીનું એકલો દર્શન કરવા આવવાની હિમ્મત કરે, અને આપ પણ આવે સમયે એકલા અમારા કિલ્લામાં પ્રવેશી

શકો એ પણ અમારા એવા બાયોડિયાઓનોજ પ્રતાપ છે એ ન ભૂલતા. જનાબ !

કાજી

હા....! હા....! હા....! રાજપૂતો ! ઈતિહાસનાં પાનાંઓમાં તમારી ઉપર વિચારકોનાં હાસ્ય અંકાશે; તમારી રૂપવતીઓના નિસાસા ગાજશે. અને જીર્ણ વિદીર્ણ ચિતોડગઢના પત્થરાઓ અનંત-કાલ સુધી તમારી મૂર્ખાઈ ઉપર દાંતિયાં કરી રહેશે ! પણ મને નવાઇ નથી થતી, મેં એવું ધાર્યુંજ હતું !

કેદારનાથ

મને પણ એજ પ્રશ્ન થતો હતો કે આપે અમારા જીવનમાં એવી કઇ નિર્બળતા જોઇ લીધી, કે જેને પરિણામે અમારા જવાબ વિષે આપને આશંકા ગઇ અને આપને અહિં સુધી આવવાની તકલીફ લેવી પડી ?

કાજી

[ આછું આછું હસી ] રાજપૂતોની અક્કલમાં હજી થોડો વિશ્વાસ રહી ગયો હતો. હજી લાગતું હતું કે આકાશના તારાઓની જેવા અસ્પૃષ્ટ તરંગો

ઉપરથી થોડી વારને માટે ઉતરી જીવનની ભીષણ યથાર્થતાનો વિચાર કરવા એકવાર તો હું રાજપૂતોને લલચાવી શકીશ. પણ...........પણ હવે ખાત્રી થઈ ચૂકી.

કેદારનાથ

પાર્થિવધર્મી ! અમને પણ આપની દયા આવે છે. જેને આપજીવનની ભીષણ યથાર્થતા કહો છો તેને અમે મૃગજળ, ભૂતના ભડકા, અને માયા કહીયે છીયે. અને જેને આપ આકાશનાં વાદળાંઓ જેવા અસ્પષ્ટ તરંગો કહો છો એને અમે બ્રહ્માંડનાં ત્રિકાલાબાધિત સનાતન સત્યો કહીયે છીયે.

કાજી

પણ...........

અજય

હવે પણ બણનો સમય નથી રહ્યો, જનાબ ! અમારો નિશ્ચય થઇ ચૂકયો છે, અને હવે અમે નિવૃત્તિ ચાહીયે છીએ. આપ સિધાવો, અને આપના તુર્કપતિને અમારો સંદેશો કહો કે આર્યાવર્તમાંથી હજુ ક્ષત્રિવટને દેશવટો નથી મળ્યો.

કાજી

પરંતુ આખી પ્રજાના હિતાહિત ઉપર તમને હોડ બકવાનો શો અધિકાર? આ પ્રશ્ન તમારો નથી. આ પ્રશ્નનો નિર્ણય પ્રજાએ કરવાનો છે. મહારાણી પદ્મિની તમને પ્રાણથીય પ્યારી હશે, પરંતુ અંતે તો એ પ્રજાની મિલ્કત છે. હું નિર્ણય થતાં પહેલાં પ્રજાનો અવાજ સાંભળવા માગું છું.

લક્ષ્મણસિંહ

પ્રત્યેક હિન્દુ સ્ત્રી અને પુરુષ પ્રજાની મિલ્કત છે. એની શક્તિઓ, એની સમૃદ્ધિઓ અને એની સેવા પ્રજાને ચરણે છે. પરંતુ નીતિ અને ધર્મ ઉપર કોઇનો અધિકાર નથી. વ્યક્તિના અંતર્નાદ ઉપર એનો નિશ્ચય અવલંબે છે. અને છતાં, છતાં જો આપને રાજપૂતોના હૃદય વિષે શંકા હોય તો રાજપૂતોનું પારખું કરવું હોય તો,........મંત્રીશ્વર, દાંડી પીટાવો કે મહારાણાને આંગણે આજ સવારની જેવા એક બીજા અતિથી આવ્યા છે. તમારા હૃદય વિષે હજી એમને શંકા રહી ગઇ છે. તમારો છેલ્લો શબ્દ તેઓ સાંભળવા માગે છે.

[ કાજી તરફ ફરી ] હિન્દુઓ સમાજને શરીર વેચે છે, પણ આત્માને મુક્ત રાખે છે. અને શિયળને સરીરના નહિ પણ આત્માના ગુણ તરીકે રાજપૂતોએ કેળવ્યું છે. હજી આપને ખાત્રી ન થઇ, જનાબ ?

### કેદારનાથ

[ પગથિયા પાસે જઈ, નીચે નજર કરી ] દ્વારપાળ, દાંડી પીટાવો. સભાચોકમાં સૌએ એકઠા થવાનું છે.

[ પાછા ફરી સૌ સાથે જોડાય છે. ]

### લક્ષ્મણસિંહ

[ ઘૂંટણીએ પડી, હાથ જોડી, આંખો વીંચી, સ્વગત ]

ભગવાન એકલિંગજી ! મને ક્ષમા કરો. મારી બહુ કસોટી થઇ ! મહાદેવી ઉપર કોઈ કુદૃષ્ટિ કરે તો એની આંખોમાં આગ લાગે એવું એમનું પાવિત્ર્યનું કવચ હતું. આજે ચિતોડ અને ક્ષાત્રકુળને બચાવવાના લોભે હું પડ્યો, અને તુર્કપતિને અમારી કુળલક્ષ્મીનો પડછાયો જોવા દીધો. ક્ષમા કરો ! ક્ષમા કરો મારા અપરાધો, મહાદેવ !

[ નીચેથી નગારાનો અવાજ આવ્યા કરે છે. ધીમે ધીમે એકઠી થતી ચિતોડની પ્રજાનો કોલાહલ સંભળાય છે. મહારાણા ઉભા થઇ વિચાર મગ્ન રહે છે. પછી ]



ચાલો તુર્કદૂત! રાજપૂતોનું પારખું કરીયે.

[ સૌ કાંગરા પાસે જાય છે, અને નીચે નજર કરતા ગોઠવાય છે. ]

બાપ્પા રાવળના વંશજો ! યવનસમ્રાટે દૂત મોકલ્યો છે અને કહાવ્યું છે કે જો ચિતોડગઢને એની વીર પ્રજાને અને રાણા ભીમસિંહને ઉગારવા હોય તો મહાદેવી પદ્મિનીને મારી અંકશાયિની કરો !

[ નીચે "શું?", "કોણ?" "એને નીચે નાખો!", "રાજપૂતોની રાજ્યલક્ષ્મીને?", "બાપ્પા રાવળના વંશજો શું મરી ખૂટયા?" એવા એવા અનેક ઉચ્ચારોનો ઘોંઘાટ શરૂ થાય છે. ]

સાંભળ્યું, જનાબ?

કાજી

[મહારાણાને] ઉભા રહો, મને પૂછવા દો !

[ વચમાં આવે છે અને અવાજ મોટો કરે છે. ]

રાજપૂતો ! ઉશ્કેરાઈ જવાનો આ વખત નથી. શાંતિથી વિચાર કરો, અને પછી તમારો છેલ્લો શબ્દ ઉચ્ચારો ! એક બાજુ એક સ્ત્રી છે, બીજી

બાજુ અસંખ્ય નિર્દોષ રાજપૂત જુવાનો છે ! વિચાર કરો !

[ નીચેથી એક અવાજ:–"હિન્દુઓ શિયળને ત્રાજવામાં મૂકતાં શીખ્યા નથી." ]

ધીરા પડો. અત્યારે તમારામાંથી મોટો ભાગ ભૂખથી પીડાય છે, અર્ધા તો મરી ખૂટ્યા છે. આવતી કાલે શેષ, રહેલાની દિલ્હીશ્વર કતલ કરશે. તમારી વિધુર અબળાઓનાં પશુ જેવા તુર્કો શરીર ચૂંથશે. વિચાર કરો !

[ નીચેથી બીજો અવાજ:–" અમારી રાજરાણીના શિયળથી ખરીદેલો રોટલો અમને ગોમાંસ બરાબર છે. અમારી કુળલક્ષ્મીના ચારિત્ર્યના બદલામાં આવેલું જીવદાન અમને ન ખપે. યવનદૂત ! અમારી વિધવાઓની તારે દયા ખાવાની નથી ! પોતાનું શિયળ કેમ રક્ષવું એ એમને શીખવાડવું પડે તેમ નથી." ]

અરે ઓ રાજપૂતો ! તમારી મૂર્ખાઇ ઉપર ઇતિહાસનાં પાનાંઓ અટ્ટહાસ કરશે. જરા વિચાર કરો ! એક સ્ત્રીની ખાતર અજય દુર્ગ, અમુલા પ્રાણ, અને આક્રંદતી રૂપવતીઓને તમે હોમવા બેઠા છો, તમારા ઉપર પ્રભુના શાપ વરસશે.

[ નીચેથી ત્રીજો અવાજ:–" હા...હા...હા...! દૂત ! અમને તારી ઉપર દયા આવે છે. અમારી ઇતિહાસનાં પાનાંઓ અટ્ટહાસ્ય કરશે એમ ? પણ કાજી ! સ્વર્ગના કોઇ એવા ઉતુંગ શિખરે અમે બેઠા હશું કે ઉડી ઉડીને આવતા એ અટ્ટહાસો અધવચથી જ શિથિલપક્ષ પક્ષીઓની માફક જમીન ઉપર પટકાઈ પડશે. અમારી ઉપર ઈશ્વરના શાપ ઉતરશે તો અમે એ શાપને પણ ઘોળીને પી જશું, પણ એની અસર અમૃત સંજીવની જેવી થશે, એવી અમને શ્રદ્ધા છે. " ]

રાજપૂતો ! મને તમારી દયા આવે છે.

[ નીચેથી અનેક અવાજો:–" પણ અમે અમારી દયા ખાનારને આખાના આખા ખાઇ જઇયે છીયે. " ]

**લક્ષ્મણસિંહ**

કેમ જનાબ ! પ્રજાનો છેલ્લો બોલ સાંભળી લીધો ?

**કાજી**

હું જાઉં છું, મહારાણા !

**અજય**

હા, સિધાવો જનાબ ! અને તમારા અન્નદાતાને કહેજો કે હજી આર્યોના પુણ્ય પરવાર્યા નથી.

કેદારનાથ

અને મારો સંદેશો પણ કહેજો કે શહેનશાહ, આર્યકુળની મહાદેવીને અડકનારની આંગળીમાં આગ લાગે છે.

અચ્યુત

અને મહાદેવીને કામનારની સમરભૂમિમાં હોળી ખેલવા રાજકુમાર અચ્યુતસિંહ વાટ જોવે છે એ પણ કહેજો.

લક્ષ્મણસિંહ

અને કહેજો કે રાજપૂતોનો સૂર્ય સદાને માટે અસ્ત થાય એ પ્હેલાં તેઓ એક એવો ચમકારો કરી લેવા માગે છે કે જગતના અંતસુધી એનો પ્રકાશ આર્યોના હૃદયમાં આદર્શો કોરતો રહે !

કાજી

મહારાજ ! હું જાઉં છું, મને માફ કરશો.

[ જવા જાય છે. ]

પદ્મિની

[ વિજળીની ત્વરાથી ધસી આવી ]

ઉભા રહો યવનદૂત !

[ એનું મોઢું સખત થઈ ગયું છે. આંખમાં ભયાનક અને આછો તિરસ્કાર છે. પહેરેગીરો આવીને કાંગરામાં મશાલો ખોડી જાય છે. એના લાલપીળા પ્રકાશ પદ્મિનીના ચહેરા ઉપર પડે છે, અને ખીલી ઉઠે છે. નીચેના ટોળામાં પેટાવેલી મશાલનાં પ્રકાશ કાંગરામાંથી ડોકિયાં કરે છે, અને વાતાવરણને ભયાનક કરી મૂકે છે. ]

**ઉભા રહો. યવનદૂત ! મારો સંદેશો પણ લેતા જાવ ! દિલ્હીશ્વરને કહેજો કે પોતાના સ્વામિનાથને મુક્ત કરવા પદ્મિની પોતેજ હાજર થશે.**

[ કાજીના મોઢા ઉપર હાસ્ય છવાય છે. બાકીના સૌ ઉગ્ર, અસ્વસ્થ અને કંપતા બની જાય છે. ]

**અજય**

**અંબા ! આપ અહિં કેમ આવ્યાં છો ? અહિં પરાયા પણ હાજર છે.**

**કેદારનાથ**

**મહાદેવી ! અહિં રાજ્યપ્રકરણ રમાય છે. આપનાં અહિં કામ નહિ.**

**લક્ષ્મણસિંહ**

**તમે કુળમર્યાદાનું ઉલ્લંઘન કરો છો; અને ક્ષત્રિયકૂળને કપાળે કદિ ન ભૂંસાય તેવી કાળી ટીલી કરવા તત્પર થયાં છો, મહાદેવી !**

## પદ્મિની

એ બધું ચૌહાણપતિની પુત્રી બરાબર જાણે છે, મહારાણા!

[ નીચેથી અવાજોઃ–" કોણ, મહાદેવી ? ", " યવન-સમ્રાટને ત્યાં જવાનું કબૂલ કરે છે ? ", " ઓ ભગવાન્ ! પૃથ્વી ઉપર વજ્રપાત કેમ નથી થતો ? ", " દેવી ચતુર્ભુજાનું પુણ્ય આથમી ગયું ? " ]

યવનદૂત ! આપ સિધાવો. હું એ સૌને સમજાવી લઈશ.

[ કાંગરા પાસે જાય છે. ]

ચિતોડનાં પ્રજાજનો ! તમારે શું જોઈયે છે ?

[ નીચેથી એક અવાજ આવે છેઃ–' ચીતોડનું ક્ષાત્રકુળ પોતાની કુળલક્ષ્મી પાસે જવાબ માગે છે. શું મહારાણા ભીમસિંહની ધર્મપત્ની એક તરકડાની કદમબોશી કરશે ?" ]

હા, એના સ્વામિનાથ ખાતર, એની વ્હાલી પ્રજા ખાતર, એની કકળતી અનેક કુળવધૂઓ ખાતર !

[ નીચેથી બીજો અવાજઃ–" તો મહાદેવી ! તમારી વચ્ચે અને યવનસમ્રાટની વચ્ચે રાજપૂતોના શરીરોનો ગગનચુંબી પહાડ ખડો થશે. તમારે અમારા પેટનાં પગથિયાં કરવાં પડશે, મહાદેવી ! " ]

તો હું તે ઉપરથી પણ જઇશ. [કાજી તરફ ફરી] યવનદૂત! તમે હવે સિધાવો. શહેનશાહને કહેજો પદ્મિની આઠ દિવસ પછી પોતાનું વચન પાળશે.

કાજી

પ્રણામ, મહારાણા! પ્રણામ, મહાદેવી! હું પ્રસન્ન થયો છું; અને દિલ્હીશ્વર પણ પ્રસન્ન થશે. અને પોતાનું વચન પાળશે એવી ખાત્રી આપું છું.

[ કાજી જાય છે. પદ્મિની ગાંડાની માફક અટ્ટહાસ કરે છે. સૌ ચકિત થઇ તેની સામે જોઈ રહે છે. નીચેની પ્રજા પણ અવાક બની ગઇ છે. પદ્મિની આનંદમાં આવી જઇ આમતેમ ફરે છે. થોડી વારે. ]

મંત્રીશ્વર!

કેદારનાથ

મહાદેવી!

પદ્મિની

સેનાનાયક ગોરાદેવને બોલાવશો? મારે એનું સત્વર કામ છે.

### કેદારનાથ

જેવી આજ્ઞા ! [ મસ્તક નમાવી જાય છે. પદ્મિની કાંગરા પાસે જાય છે. નીચેથી અવાજો આવે છે. " કુળ વિનાશીની ! " " ભ્રષ્ટા ! " "ક્ષત્રિય કુળમાં વેશ્યા પાકી ! "]

### પદ્મિની

ઘડીક પ્હેલાંની કુળલક્ષ્મી એક ક્ષણમાં કુળવિનાશીની થઇ ગઇ ? રાજપૂતો ! હુંતો એની એજ છું.

[ નીચેથી એક અવાજઃ—"હા, હા, હા ! તમે નહિ, તમારું શરીર એનું એ છે. અમને અમારી મહાદેવીના વિશ્વવિખ્યાત શરીર સાથે કશી પડી ન્હોતી. અમને તો એમના ઉજ્વલ ચારિત્ર્યનું ગૌરવ હતું. મહારાણી ! " ]

વ્હાલા બાંધવો, જુઓ ! હું પાછી તમારી કુળલક્ષ્મી બની જાઉં છું. એતો નાટક હતું ! [ થોડી વારે ] અહા ! તમારા મોઢા ઉપર કેવો સંતોષ, કેવો આનંદ ફેલાય છે ? તમને સુખી જોઇને મને પણ આનંદ થાય છે. આજે મને ઉન્માદ થયો હોય એમ લાગે છે.

[ પદ્મિની ઉન્માદમાં આમથી તેમ ફરતી કાંગરાઓ બદલાવે છે. નીચેથી "બાપ્પા રાવળની જય!" "જય એકલિંગજી!" "મહાદેવીનો જય!" એવા પોકારો ઉઠે છે. મશાલોના ચલિત પ્રકાશથી ટોળામાં હલચલ મચી છે. એવું લાગે છે. ]

**લક્ષ્મણસિંહ**

હૃદયની રંગભૂમી ઉપર નાટક કરવાનું ન હોય, કુળલક્ષ્મી !

**પદ્મિની**

જગતે શિવનું તાંડવ સહ્યું, અને મહારાણા શક્તિનું હાસ્ય નહિ સહે ?

[ સૌનાં મોઢાં આનંદથી પ્રકાશી ઉઠે છે. સેનાનાયક ગોરાદેવ સાથે મંત્રિશ્વર કેદારનાથ પ્રવેશ કરે છે. ગોરાદેવ મહારાણાને પ્રણામ કરી, મહાદેવી પાસે જાય છે. અને નમન કરે છે. ]

**ગોરાદેવ**

મને કાંઇ યાદ કર્યો, ચોહાણ પુત્રી ?

**પદ્મિની**

હા, કાકા ! જીવનભરમાં મેં તમારી પાસે કદિ કશું માગ્યું નથી. આજે એક એવો પ્રસંગ

આવ્યો છે કે મારે ખોળો પાથરવો પડે છે. કાકા, દીકરીની માગણી નહિ સ્વીકારો ?

ગોરાદેવ

તમે એવું કહીને મારું અપમાન કરો છો, બેટા !

પદ્મિની

તો સાંભળો. યવન સમ્રાટને કહાવી દો કે આજથી એક અઠવાડિયા પછી પોતાની સાતસો સખીઓ સાથે પદ્મિની જહાંપનાહની કદમબોશી કરવા આવશે. એને માટે સાતસો પાલખીઓ તૈયાર કરાવો. દરેક પાલખીમાં બેસવા એક એક વીર યોદ્ધો ચૂંટી કાઢો, અને એક પાલખીને ઉપાડવા ચાર ચાર શસ્ત્રસજ્જિત સૈનિકોને ભોઇનો વેશ પહેરાવી તૈયાર કરો. અને........[અચકાય છે] અને મારી પાલખીમાં તમે બેસો. તંબૂમાં રાણાજીની મુલાકાત માગો. એમને ગમે તેમ કરી કોટ તરફ રવાના કરી દ્યો. અને તેઓ કોટમાં સહિસલામત પહોંચી ન જાય ત્યાં સુધી યવન સેનાને ખાળી રાખો....કાકા........

[ સૌ આશ્ચર્યથી સ્તબ્ધ બની સાંભળી રહ્યા છે. ]

### ગોરાદેવ

[વચમાં] એમ જ થશે.

[ કાંઈ પણ વિલંબ કર્યા વિના ચાલ્યા જાય છે. પદ્મિની વીર કાકાની અદૃશ્ય થતી મૂર્તિ તરફ જોઇ રહે છે. પછી કાંગરા પાસે જાય છે, ને લોકોને સંબોધે છે.]

### પદ્મિની

રાજપૂતો! વિજય કરો! તમારા રાણાને મુક્ત કરી લાવો. તમે એટલું કરી લાવો! બાકી ચોહાણ પુત્રી પદ્મિનીને, ક્ષત્રિકુળની મહાદેવીને કુળનું ગૌરવ સાચવતાં, પોતાનું શિયળ અસ્પૃષ્ટ રાખતાં શિખવાડવું પડે તેમ નથી. જાવ! મારા આશિષ છે! ફત્તેહ કરો! આજની રાત ઉત્સવ કરો!

[ બધા કાંગરા પાસે જાય છે, અને ટોળા તરફ જોઇ રહે છે. નીચેથી "જય—એકલિંગજી!" "જય મહાદેવીનો જય!" એવા અવાજો આવે છે. લોકો હર્ષમાં નાચતા કૂદતા વિખરાય છે. મશાલના પ્રકાશ આછા થતા જાય છે. બધા એ દૂર જતા ટોળાને જોઈ રહે છે.

થોડી વારે મહારાણા અને પદ્મિની ફરે છે. એમની આંખો મળે છે, મહારાણા આંખો ઢાળી દે છે.]

# વચલો અંક

**સ્થલ કાલ :** [ સાત દિવસ પછી અલ્લાઉદ્દીનની છાવણીની લગભગ છેલ્લી શિબિરમાં આથમતા બપોર. ગિરિકૂટ ઉપર દિલ્હીશ્વર અલાઉદ્દીનની વિશાળ સેના ડેરા તાણીને પડી છે. શહેનશાહનો કિનખાબનો તંબૂ આખી છાવણીની મધ્યમાં ઉંચી ડોક કરી ઉભો છે. આસપાસ સેનાપતિઓની સુંદર શિબિરો છે. ત્યારબાદ સૈનિકોના ડેરાઓની લાંબી હારમાળાઓ શરૂ થાય છે. છાવણીના અંતભાગમાં એક મોટો તંબૂ છે. શત્રુસેનાના સંધિવિગ્રહકોને અહિં રાખવામાં આવે છે.

તંબૂનું ઉત્તર તરફનું બારણું રંગીન સાદડીની ચતથી ઢાંકી દેવામાં આવ્યું છે. દક્ષિણના બારણાની બાજુમાં ઉંચે ન્હાનાં ન્હાનાં બે ચોખંડા કાણાં છે. જેમાંથી નમતા બપોરના પ્રકાશમાં બ્હાર ઉભેલા બે સંત્રીઓના ભાલા

ચમકતા દેખાય છે. વચ્ચે વચ્ચે સંત્રીઓ એ કાણાંઓમાંથી બધું સલામત છે કે કેમ એ જોઇ લે છે.

તંબૂના મધ્યદંડની એક બાજુએ મોટી ગાદી પાથરી છે. અને દંડને અઢેલીને એક તકિયો મૂકવામાં આવ્યો છે. ઉપર સુંદર ભરત ગૂંથણીની ચદ્દર બીછાવેલી છે.

રાણા ભીમસિંહ એક હાથ તકિયા ઉપર ટેકવી, બીજો હાથ બે પગોના મરોડ વચ્ચે મૂકી, વ્યાકુળ મુખને ઉપલા હાથની કોણી ઉપર ટેકવી, આંખો નીચી ઢાળી બેઠા છે. ગાદી ઉપર પડખે એમની તલવાર પડી છે. એમના પડછંદ શરીર અને ગૌરવશાળી મુખ ઉપર ક્ષત્રિ તેજ ઝળકે છે.]

**ભીમસિંહ**

[મોઢું ઉંચકી] **પહેરેગીર !**

**પહેરેગીર**

[પશ્ચિમ તરફની ચક ઉંચકી, અંદર આવી, કુર્નિશ કરી] હજૂર !

**ભીમસિંહ**

મને અહિં શા માટે લાવવામાં આવ્યો છે ?

**પહેરેગીર**

હું કશું નથી જાણુતો હજૂર ! કાજી સાહેબના હુકમથી આપને અહિં ખસેડવામાં આવ્યા છે. સાહેબે ફરમાવ્યું છે કે હજૂરને જે જોઇયે તે અમારે દેવું. કશો હુકમ, જનાબ ?

[ ભીમસિંહ પહેરેગીર તરફ એક તિરસ્કાર ભરી નજર નાખી. પાછા પહેલાની જેમ નીચે જોઈ બેસી રહે છે. પહેરેગીર અસ્વસ્થ થતો, કશા હુકમની રાહ જોતો ઉભો રહે છે. થોડી વારે ]

કશો હુકમ જનાબ ?

**ભીમસિંહ**

હા; મને એકલો રહેવા દે !

[ પહેરેગીર કુર્નિશ બજાવી ચાલ્યો જાય છે. ]

કશું નથી સમજાતું ! કાજીમાં આ શો અજબ પલ્ટો ? જો મને આવી રીતે રાખવો હતો તો ઓચિંતો છાપો મારી ગિરફતાર શા માટે કર્યો હશે ? પહેલાં તો મેં એમ માનેલું કે કડુડભૂસ થતા ચિતોડગઢનો છેલ્લો ભીષણ ધડાકો સાંભળવા હું જીવતો નહિ રહું ! અને અંતરમાં ને અંતરમાં ભગવાન એકલિંગજીનો અહેશાન માનતો હતો ! પણ અહિં તો........

**પહેરેગીર**

[ આવીને નમન કરીને ] જનાબ !

[ ભીમસિંહ જવાબમાં ઉંચે જુવે છે. ]

સરદાર કાજી પધાર્યા છે. આપને મળવા ચાહે છે.

ભીમસિંહ

ભલે આવે.

[ પહેરેગીર પશ્ચિમ દ્વાર પાસે જાય છે અને ચક ઉંચકી ઉભો રહે છે. કાજી પ્રવેશ કરે છે. એની આંખોમાં એનું હંમેશનું માર્મિક હાસ્ય તરવરે છે. પહેરેગીર બ્હાર જાય છે. ]

કાજી

કુશળ છો, રાણા ?

ભીમસિંહ

હા, જનાબ ! કેમ પધારવું થયું ?

કાજી

[ હસતો ] એક ખુશખબર આપવા આવ્યો છું.

[ તંબૂના મધ્યદંડને અડકીને રાણા તરફ નીચી નજર કરી ઉભો રહે છે. ]

ભીમસિંહ

શૂળીની તૈયારી થઇ ચૂકી ?

કાજી

હા....હા....હા....[ હસે છે ] રાણાજી, આવા ઉગ્ર શા માટે થાવ છો ? તમને મુક્ત કરવા આવ્યો છું.

ભીમસિંહ

મુક્ત કરવા ? મને ? તો દગાથી પકડ્યો શા માટે ? કાજી, હું તમારો કેદી છું, તમને મારી મશ્કરી ઉડાવવાનો અધિકાર છે.

કાજી

[ હસે છે ] હા....હા....હા....! રાણાજી ! તમને હજી મશ્કરી લાગે છે ? દિલ્હીપતિએ જીવનભરમાં કોઇ કાફીર કેદીને આવી રીતે સાચવ્યો નથી, રાણા ?

ભીમસિંહ

કસાઇઓ હલાલ કરવાના ઘેટાની ખાસ કાળજી લે છે. પણ જવાદો એ વાત, કાજી ! કહો, મને અહિં શા માટે લાવવામાં આવ્યો છે ?

કાજી

[ આંખો ચમકાવી] કહું ? કહું રાણા ? ના, ના, હર્ષાવેશમાં તમે કદાચ ગાંડા થઈ જાવ !

ભીમસિંહ

રાજપૂતોને ટોળટપ્પામાં બહુ રસ નથી હોતો, જનાબ !

કાજી

નહિ હોય તો કેળવાશે. રાણા, વાત તો એવી મીઠી કરવા આવ્યો છું, કે હું તો શું, પેલો પહેરેગીર હોત તો તેને પણ તમે ભેટી પડત !

[ ભીમસિંહ કચવાય છે. એનું અંગ ધ્રૂજે છે. બીજી બાજુ ફરી મુખ ઢાળી દે છે. કાજી હસે છે. ]

એમ મારી સાથે રિસામણાં ન લો, નામદાર ! રિસામણાં તો જે આવનાર છે તેની સાથે શોભશે.

[ ભીમસિંહ ફરે છે, અને કાજી સામે નજર તાકે છે. એમનું મોઢું સખત થયું છે. ]

ભીમસિંહ

શું કહેવા માગો છો, સરદાર ? સ્હેજ, માણસ સમજી શકે એવી ભાષામાં બોલશો ?

કાજી

[ આંખો ચમકાવી હસે છે. ગાલના ગોળા અરધી આંખ ઢાંકી દે છે. ]

હજી ન સમજ્યા, રાણા ? કે નથી સમજ્યા એવો ડોળ કરવાનો આનંદ લ્યો છો ? રાણા ! આજે તો તમારાં મહારાણી પદ્મિની પોતાના સ્વામિનાથને મુક્ત કરવા જાતે જ અહિં આવે છે.

ભીમસિંહ

[ એકદમ કૂદી ઉભા થઇ જાય છે. મોઢા ઉપર લોહી દોડી આવે છે. ] પદ્મિની ? અહિં આવે છે ? શા માટે ?

કાજી

[ સ્હેજ દૂર ખસી ] એમ આકળા ન થાવ, ભીમસિંહ ! એતો તમને મુક્ત કરવા આવે છે. અહા, શું એમનું ગૌરવ ! ચિતોડગઢના તમામ રાજપૂતો ફિટકાર વર્ષાવી કહેતા હતા કે: "તુર્કપતિની કદમબોશી કરવા જતાં પ્હેલાં, મહારાણી ! તમારે હજારો રાજપૂતોનાં પેટનાં પગથિયાં કરવાં પડશે." ત્યારે રાજમહાલયનાં કાંગરાં પકડીને મહાદેવી જવાબ દેતાં હતાં: "તો હું તે ઉપરથી પણ જઇશ. જગતમાં મને સૌ કરતાં સૌભાગ્ય વ્હાલું છે. રાજપૂતો !" અહા કેવું રૂપ ! કેવું ગૌરવ ! રાણા, જગતમાં એકજ સ્ત્રી છે ! અને રાણા, જગતમાં એકજ બડભાગીઓ છે !

ભીમસિંહ

શું કહ્યું, કાજી ? [ જાણે ખાત્રી ન થતી હોય તેમ] પદ્મિની દિલ્હીપતિની કદમબોશી કરવા આવે છે એમ આપ બોલ્યા ?

કાજી

હા, રાણા ! પોતાના સ્વામિને બચાવવા ! પોતાના દેશને બચાવવા ! હજારો રાજપૂત બાળાઓનાં સૌભાગ્યકંકણ સાબૂત રાખવા ! રાણાજી, ચિતોડગઢમાં મેં તો મૂર્ખાઓની જ વસ્તી દીઠી. એ બધાંની વચ્ચે બગલાંઓનાં ટોળામાં ભૂલથી ભળી ગયેલી કોઇ હંસણી જેવી એકજ પદ્મિની નીરક્ષીરનો વિવેક કરી શકતી હતી. મહારાણા અને ખુદ મંત્રીશ્વર પણ ટેક, શિયળ અને મરી ખૂટેલાઓના મિથ્યા ગૌરવમાં ભીંત ભૂલ્યા હતા; મને આવ્યા એવા પાછા જવાનું કહી સૌ ઉતાવળા થતા હતા. ત્યાં તો આકાશ ચીરીને જેમ અપ્સરા ઉતરે તેમ રણવાસમાંથી મહાદેવી ધસી આવ્યાં, અને બોલ્યાં, થંભો, કાજી ! દિલ્હીશ્વરને કહેજો કે રાણાજીને મુક્ત કરવા પદ્મિની પોતે પધારે છે.

ભીમસિંહ

[ તંદ્રામાંથી જાગતા હોય તેમ ] પદ્મિની ? દિલ્હીશ્વરની કદમબોશી કરવા ? ભૂલ્યા, ભૂલ્યા તમે કાજી ! કોઇ બીજી સ્ત્રીની વાત કરતા હશો ? સ્વપ્નું આવ્યું હશે, સરદાર !

કાજી

સ્વપ્નું ? સ્વપ્નું તો આપને આવવા લાગ્યું છે, રાણા ! આજે કહેણુ પણ આવી ગયું. સાતસો સખીઓ સાથે આજે નમતે પ્હોરે પદ્મિની શહેનશાહની તહેનાતમાં હાજર થશે.

ભીમસિંહ

ઓહ ! ઓહ ! રજપૂતોનાં પુણ્ય પરવારી ગયાં છે ! [ આંખે અંધારાં આવે છે. થાંભલો પકડી સ્વસ્થ થાય છે.] પદ્મિની, ચિતોડ તો પડવાનુંજ હતું; પણ તેં તો રાજપૂત કુળને પણ પાડ્યું ! બાપ્પા રાવળના કીર્તિકળશ ઉપર હવે ભ્રષ્ટાચારના કાટ ચડશે. એ ધૂળ ભેગો થશે, અને ધૂળમાં મળી જશે. ઓ કાજી ! તમે આ જીવલેણ ઘા કર્યો છે ! તમે મને આવા ખબર શા માટે આપ્યા ? મારી જાણ વિના એને દિલ્હીના જાજવલ્યમાન જનાનખાનામાં પૂરી દેવી હતી ! અને મારા, મહારાણાના, આખા ક્ષત્રિયકુળના હૃદયોની પથારી પાથરી એને યવનસમ્રાટ સાથે ક્રિડા કરવા દેવી હતી. પણ મને એનાથી અજ્ઞાન રાખ્યો હોત ! તો હું સુખેથી

એનું સુંદર, સ્નેહાસક્ત મોઢું સ્મરતો સ્મરતો મરી શકત !

કાજી.

રંગરે રાજપૂત ! વાહ રાણાજી ! જે સ્ત્રીએ માત્ર તમારા પ્રાણ બચાવવા, કેવળ તમારા પ્રેમ ખાતર, પોતાના શરીરનું, પોતાના આત્માનું બલિદાન આપવાની તત્પરતા દાખવી, તેને માટે આ શબ્દો ? આ બદલો ? મહારાણા તમે પુરુષ છો;—પદ્મિનીના માલેક છો એ તમે ભૂલી શકતા નથી. પણ હવે હું જાઉં. દલીલો કરી કરીને થાક્યો છું, અને હવે તો સમય પણ થવા આવ્યો. શહેનશાહની બેગમ બનતાં પ્હેલાં રાણાની સાથે પદ્મિનીએ ટુંકી મુલાકાત માગી છે; અને શહેનશાહે મંજૂર કરવાની ઉદારતા બતાવી છે; જીવનના પરમસુખની ઘડી વેડફાઇ ન જાય એનું ધ્યાન રાખજો, રાણા ! સલામ !

[ કાજી જવા જાય છે. રાણા એકદમ ધસે છે, અને કાજીનો હાથ જોરથી પકડી રાખે છે. ]

ભીમસિંહ

ઉભા રહો, કાજી ! મારું એક કામ કરો. મારે એ કુલટાનું મોઢું નથી જોવું; તમે એને પાધરી ઉપાડી જજો.

[ કાજી રાણા સામે જોઈને હસે છે. થોડીવાર સુધી રાણા કાંઈ વિચારમાં પડી ગયા હોય તેમ નીચે જોઈ રહે છે. પછી ઓચિંતો કંઈ આંચકો આવ્યો હોય તેમ ]
**ના, ના; એ ભલે આવે, ભલે આવે. મને સૂઝ્યું એમજ કરું !**

[ કાજીનો હાથ છોડી દઇ ગાદી પાસે જાય છે. તલવાર ઉપાડે છે. તલવારને હાથમાં ફેરવતા ફેરવતા ભાવપૂર્વક તેની સામે નીચી નજરે જોઈ રહે છે. ]

**શક્તિ ! બાપ્પા રાવળનું રાજ્ય સાચવવા આજસુધી તારું સેવન કર્યું ! આજે બાપ્પા રાવળની કીર્ત્તિ સાચવવા તારો ઉપયોગ થશે.**

[મોઢા ઉપર હાસ્ય તરવરે છે. હાથ ધ્રૂજવા લાગે છે.]

**દેવી ! ધ્રૂજે છે કાં ? સ્ત્રી હત્યાના પાપનો તને ભય છે ? અરે એ પાપ મારે માથે, હું એ પાપનું વિષ ઘોળીને પી જઇશ અને પછી સનાતન સોડ તાણીને સૂઇ જઇશ !**

કાજી

[ પાસે જાય છે. મોઢું કડક થાય છે. ]

**રાણા ! શું વિચાર કરો છો ? હિંદુ પતિઓ આટલી હદ સુધી જઈ શકે છે ?**

[નજર ફેરવીને] પહેરેગીર !

પહેરેગીર

[અંદર આવી કુર્નિશ બજાવી] હુકમ, સરદાર !

કાજી

રાણાજીના હાથમાંથી તલવાર લઇ લો. [પહેરેગીર આગળ વધે છે.]

રાણાજી, તમે અમારા કેદી છો. તમારા હથિયાર સોંપી દેવાનો હું તમને હુકમ કરું છું.

[રાણા તિરસ્કારથી તલ્વારને ફેંકી દે છે. પહેરેગીર તે ઉઠાવી લે છે.] અને પહેરેગીર ! તંબૂમાં પાલખી આવ્યા પછી કશો ઘોંઘાટ થાય તો તમે કોઇના હુકમની રાહ જોયા સિવાય અંદર ધસી આવજો, અને રાણાજીને ગિરફતાર કરી લેજો.

પહેરેગીર

જેવો હુકમ જનાબ ! [કુર્નિશ બજાવીને ચાલતો થાય છે ]

કાજી

રાણાજી, જીવનની છેલ્લી ધન્યક્ષણ વેડફી ન નાખતા; અને સાનને ઠેકાણે રાખજો.

[ કાજી જાય છે. રાણા બેફામની માફક આમતેમ આંટા મારે છે. બ્હારથી કોઇ મોટો કાફલો ચાલ્યો આવતો હોય, એવો અવાજ આવે છે. થોડી વારે પાલખીની ઘંટડીઓનો અવાજ સ્પષ્ટ થાય છે. ]

## ભીમસિંહ

આ અવાજ શાનો ? પદ્મિનીનું સરઘસ તો આવી નથી પ્હોચ્યું ને ? [પૂર્વ તરફની ચક પાસે જાય અને છે તડમાંથી બહાર જુવે છે. ત્યાંજ ઉભા ઉભા,] હા, એજ પાલખીઓની લાંબી હાર અરાવલીની ખીણોમાં થઇને ચાલી આવે છે. આગળ સુનેરી પાલખી છે. અને મોભને બાંધેલી ઘંટડીઓ ગાજી રહી છે. અહા; કુળકીર્તિને કલંક લગાડવા તેઓ કેટલા ઉત્સાહભેર ચાલ્યા આવે છે. અરાવલીની ટેકરીઓ આગળ ધસી આવી તેઓની ઉપર કસડાઇ કેમ નહિ પડતી હોય ? ધરતીમાં ઊંડી ફાડ પડી, એમને ઓહિયાં કરી જઈ પાછી બીડાઇ કેમ નહિ જતી હોય ? ખલાસ ! ખલાસ ! ! બધું ખલાસ ! ! ! ભીમસિંહ, રાજપૂતોનું પુણ્ય પરવારી બેઠું.

[ અસ્વસ્થ થઈ આંટા મારવા લાગે છે. ]

પદ્મિનીના રૂપમાં હું અંધ બન્યો હતો, અને અંદરની સર્વભક્ષી ડાકણને જોઈ શક્યો ન્હોતો.

[ પાછા આકળા થઇ કદમો ભરે છે. ]

અંગે અંગમાં આગ લાગી છે.

[ એક પછી એક સ્થળ નિર્દેષ કરતા કરતા ]

અહિંયાં એ અડકી હતી ! અહિં એણે આલિંગન આપ્યું હતું ! અહિં એણે ગાલ ચાંપ્યો હતો ! અહિં એણે પહેલી રાતે ચુંબન દીધું હતું ! અરે અદ્ધે, અદ્ધે જ ભડકા બળે છે ! જે વિષનું જીવન પર્યન્ત પાન કીધું તે આજે રોમે રોમે ફૂટી નીકળે છે. [ પાછા આમતેમ આંટા મારે છે. ઘંટડીઓનો અવાજ સ્પષ્ટ થતો જાય છે. અને અંતે પાસે આવીને અટકે છે. ]

આવી પહોંચી ! એ અને એની નાશની ઘડી બન્ને સાથેજ આવી પહોંચ્યાં ! આટલી વિપત્તિઓમાં જેની ખાતર જીવ્યો, અને જેની ખાતર જીવન કુરબાન કરવા તૈયાર હતો, તેને આજે ધર્મની ખાતર, પિતૃઓની પ્રતિષ્ઠાની ખાતર, કુળની



કીર્તિની ખાતર કુરબાન કરી દઉં ! અને પછી ? પછી હું પણ એની સાથે, એની પડખે, એની બાથમાં સૂઇ જાઉં, અને ફરી કદિ જ આંખ ન ખોલું ! કાળીએ પેદા કરેલું જગત ઇન્દ્રજાળ માની હું મારી પહેલાંની પદ્મિનીને લઇને સ્વર્ગે સંચરું.

[ પાલખીને ઉપાડીને આવતા ભોઈઓના પગોના અવાજ તંબૂની નજીક આવે છે. જાણે પોતાનો ભરોસો ન હોય તેમ રાણા થાંભલાને બે હાથમાં ઝાલી બ્હાવરાની જેમ ઉભા રહે છે. પૂર્વ તરફની ચક ઊંચી થાય છે, અને અંદર અડધી પાલખી આવે છે. ભોઈ લોકો પાલખીને નીચે મૂકી બહાર જઇ ઉભા રહે છે. પાલખીનો પડદો ઊંચકાય છે. રાણા ટગર ટગર તાકી રહે છે. અંદરથી ડોકું બહાર આવે છે. ]

પદ્મિની, કુળવિનાશિની; તને આ શું સૂઝ્યું ?

[ રાણા ગાંડાની માફક કૂદે છે, અને એને પકડી બ્હાર ખેંચે છે. ]

ઓ પદ્મિની, તેં એક સપાટે...........

[ પાલખીમાંથી ગોરા બહાર નીકળે છે, એની પડછંદ કાયાને જોઈ રાણા ચમકે છે. ]

ગોરાદેવ

[ હસતો ] રાણાજી ! શું નાટક કરો છો ? ચૌહાણપુત્રીનું આટલાં વર્ષો પડખું સેવ્યું તોય તમે એને ઓળખી નહિ ? મને બહુ દુઃખ થાય છે, રાણા ! પણ અત્યારે એનો શોક કરવાનો સમય નથી. આપ આ પાલખીમાં બેસી જાવ. એ લોકો બારોબાર ઉપાડી જશે. સિંહપૌરી પાસે એક વાયુવેગી અશ્વ સાથે પ્રવીણસિંહને આપની રાહ જોતો ઉભો રાખ્યો છે. આપ કોટમાં સહિસલામત પ્હોંચી જાવ ત્યારે એક તોપ ફોડજો, અને રાજ-મહાલય ઉપર ધજા ફરકાવજો. ત્યાં સુધી અમે યવનસેનાને ખાળી રાખશું. એક એક પાલખીમાં એક એક શસ્ત્રસજ્જિત યોદ્ધો બેઠો છે. અને ચાર ચાર રાજપૂત વીરો ભોઇના વેશમાં પાલખીઓને

ઉપાડી લાવ્યા છે. એટલે આપ અમારી ચિંતા કરશો નહિ.

### ભીમસિંહ

આ બધું શા માટે, ગોરાદેવ ? એકનો પ્રાણ બચાવવા હજારોની આહુતિ ? મારે નથી જવું સેનાનાયક ! અને હવે હું પદ્મિનીને પણ શું મોઢું બતાવું ? અરેરે....મેં એનામાં અવિશ્વાસ આણ્યો ! જીવન પર્યંત સાથે રહ્યાં છતાં મેં એને ઓળખી નહિ................

### ગોરાદેવ

[વચમાંજ] બસ કરો રાણા ! ચર્ચાનો આ સમય નથી. મહારાણાનો હુકમ છે અને એ પ્રમાણે તમારે વર્તવું પડશે. [ થોડીવાર રાહ જુવે છે ] આપ અંદર બેસી જાવ છો કે મારે આપને પકડીને બેસાડવા પડશે ?

[ પશ્ચિમ તરફની ચક ઉપર ટકોરા થાય છે. થોડી વારે બહારથી પેહેરેગીરનો અવાજ આવે છે : " રાણાજી, શહેનશાહ ઉતાવળ કરે છે. આપ આજ્ઞા આપો તો જહાંપનાહ અંદર પધારે. " ]

ગોરાદેવ

[ પશ્ચિમ તરફની ચક પાસે જાય છે અને અવાજ મૃદુ–મીઠો કરે છે. ] ખુદાવિંદને કહો કે મહારાણી જહાંપનાહને અરજ ગુજારે છે, કે આટલાં વર્ષો ખમ્યા તેમ પાંચ પળ વધારે ખમી જાય.

[ બહારથી પહેરેગીરનો અવાજ : " જેવી આજ્ઞા. " ]

રાણાજી ! [ પાસે જાય છે ] શું નિશ્ચય કર્યો ? બે પળ વધારે અને બાજી આખી ધૂળમાં મળી જશે. મહારાણાનો હુકમ ઉથાપશો તો મહારાણાનો રોષ કદિ નહિ ઉતરે.

ભીમસિંહ

[ શરણ થતાં ] હું જાઉં છું, વીર ગોરાદેવ ! પણ એકવાર તમને ભેટી લઉં. [ રાણા દોડીને ગોરાદેવને ભેટી પડે છે. ગોરા એમને છાતી સાથે ચાંપે છે. પછી મુક્ત કરી મીઠું હસે છે. ]

ગોરાદેવ

રાજપૂતાણીને કહેજો કે મહાદેવીના ચુડલા કરતાં તારો ચુડલો વધારે ન્હોતો ! અને સ્વર્ગમાં તો મળવાનાંજ છીએ ! [ પછી એકદમ રાણાનો હાથ

પકડી લે છે. બન્ને પાલખી પાસે જાય છે. રાણી અંદર બેસી જાય છે. ગોરા પડદો ઢાળી દે છે. ]

કિરણસિંહ !

[ ભોઇના વેશમાં કિરણસીંહ અને બીજો રાજપૂત પ્રવેશ કરી, નમન કરી ઉભા રહે છે. ]

**કિરણસિંહ**

હુકમ, સેનાપતિ !

**ગોરાદેવ**

રાણીજીને સહિસલામત ઉપાડી જાવ.

[ ભોઇલોકો પાલખી ઉપાડી ચાલ્યા જાય છે. ગોરાદેવ સત્તાવાહી નજરે પૂર્વ તરફના ખુલ્લા પ્રવેશ દ્વારમાંથી અરાવલીની ટેકરીઓમાં અદશ્ય થતી પાલખીને જોઇ રહે છે. દૂર દૂર ચિતોડનો કિલ્લો દેખાય છે.

પૂર્વ તરફની ચક ઉપર ટકોરા થાય છે. ગોરાદેવ એ બાજુ ફરે છે. બહારથી પહેરેગીરનો અવાજ આવે છે : " રાણીજી, શહેનશાહ કહેવરાવે છે કે હવે જો વિલંબ થશે તો ચક તોડીને અંદર આવવું પડશે. "

જવાબમાં ગોરાદેવ અટ્ટહાસ્ય કરે છે.

થોડીવારે એક કડાકા સાથે ચક તૂટી પડે છે. ખુલ્લા દ્વારમાંથી દિલ્હીપતિ અલ્લાઉદ્દીન, સરદાર કાજી; અને સિપાહસાલાર મલિક કાફૂર પ્રવેશ કરે છે. ]

કાજી

આ શું ? રાણા કયાં ? પદ્મિની કયાં ? અને તમે કયાંથી ગોરાદેવ ? આ શું થઈ ગયું ?

ગોરાદેવ

[ ખડખડાટ હસે છે ] જનાબને હજી ખબર ન પડી ? રાણાજીના અશ્વની જુવો ટેકરીઓ વચ્ચે ધૂળ ઉડે છે. અને પદ્મિની ક્ષિતિજની ધાર ઉપર ઉભેલા અજયદુર્ગના કાંગરા પકડી જુઓ વ્હાલમની વાટ જોતી દેખાય !

અલાઉદ્દીન

દગો ! દગો ! !

ગોરાદેવ

હા....હા....હા....[ હસે છે ] જહાંપનાહના મોઢામાં એ શબ્દો કેવા શોભે છે ? યવનસમ્રાટ પાશવી આનંદની કલ્પનાના ઉદ્રેકમાં તમે ભૂલી ગયા કે આર્યોની કુળદેવીને જીવન કરતાં શિયળ વધારે વ્હાલું હોય છે. અને શિશોદિયાઓને મહાદેવીના શિયળ આસપાસ શરીરનો ગઢ ચણતાં આવડે છે. નરાધમ, તને એટલું પણ ન સૂઝયું કે સતિનો સ્પર્શ પણ સર્વભક્ષી હોય છે ?

અલાઉદ્દીન

કાજી, ગોરાદેવને કેદ કરો. સિપાહસાલાર, સેનાને સજ્જ કરી રાણાનો પીછો પકડો.

[ સિપાહસાલાર નમન કરી પશ્ચિમ દ્વારમાંથી જાય છે. કાજી ગોરા તરફ આગળ વધે છે. ગોરા તલવાર ખેંચી આડો ફરી વળે છે. ]

ગોરાદેવ

દૂર રહો, કાજી ! જીવ જો વ્હાલો હોય તો રાણા કોટમાં ન પહોંચી જાય ત્યાં સુધી મને અડકશો નહિ. પછી હું મારી જાતે મારાં શસ્ત્રો ફગાવી દઇશ, પણ એ પહેલાં જો એક ડગલું પણ આગળ વધ્યા તો જોઇ છે આ તલવાર ! [ બૂમ પાડે છે ] બાદલવીર ! સાવધાન ! રાજપૂતો, જય એકલિંગજીનો જય !

[ બહાર રાજપૂતો તલવારો ખોલી કૂદી પડે છે. " હર હર મહાદેવ ! " "જય એકલિંગજી !" "મહારાણાનો જય ! " એવા ગગનભેદી અવાજો થાય છે. થોડીવારે " અલ્લા હો અકબર "ની બૂમો સંભળાય છે. બે સેનાઓ વચ્ચે તુમુલ યુદ્ધ જામે છે. મરતાઓની ચીસો અને વીરોના વિજયનાદ આવે છે. ]

અલાઉદ્દીન

દગો ! દગો ! પકડો ! પકડો કોઇ ગોરાને !

[ બહારથી બન્ને પહેરેગીરો ધસી આવે છે, અને ગોરા ઉપર તૂટી પડે છે. ગોરાદેવ ઘવાય છે, અને નીચે પડે છે. એનાં પેટનાં આંતરડાં નીકળી પડ્યાં છે. પોતાના સાફાને પેટ ઉપર બાંધી એ ફરી ઉભો થાય છે, અને પૂર્વ તરફ ફરી ચિતોડ તરફ એક આતુર નજર નાખે છે. ]

ગોરાદેવ

મારા શરીરના ટુકડે ટુકડા કરી નાખશો તોય જ્યાં સુધી રાણા ચિતોડમાં સહિસલામત નહિ પહોંચી જાય ત્યાં સુધી એ ટુકડાઓ કૂદી રહેશે !

[ દૂરથી એક તોપનો ભડાકો સંભળાય છે. દૂર ચિતોડના દુર્ગ ઉપર પતાકા ઉડતી દેખાય છે. ગોરાની આંખમાં આનંદનાં આંસુ ઉભરાય છે. ચકરી ખાઇ એ નીચે ઢળી પડે છે. અલાઉદ્દીન અને કાજી એની પાસે જાય છે. ગોરા ધીમેથી પોતાના પેટનો પાટો છોડે છે, અને ફસડાઇ પડે છે. ]

સમ્રાટ, હવે મને સંતોષ છે. હવે હું સુખેથી મરીશ. મારા રાણાજી ચિતોડમાં સહિસલામત પહોંચી ગયા છે.

અલાઉદ્દીન

દગાખોર ! [ એક લાત મારે છે. ] હું આનો બદલો લઇશ. ચિતોડને બાળી ખાખ કરી મૂકીશ. તારી રાજપૂતાણીને હું દિલ્હી ઘસડી જઈશ. પછી એને આખી સભા વચ્ચે નાગી નચાવીશ. દગાખોર ! [ એના હોઠ કમ્પે છે. એક બીજી લાત લગાવે છે. ]

ગોરાદેવ

[ ખડખડ હસે છે. ] હજી આંખ ન ઉઘડી સમ્રાટ ? [ પૂર્વમાં આંગળી ચીંધી ] ચિતોડના ગઢ ઉપર પેલી જો ચિતા સળગે ! જોઈ ? અને તેમાં જો આખા ગગનને પ્રજાળી દેવા મથતી પેલી સૌથી ઉંચી જ્વાલા ચડીની જીભ જેવી આકાશને ચીરે ! એ જ્વાલા મારી રાજપૂતાણીની છે. હું જ્યારે ત્યાંથી નીકળવા તૈયાર થયો ત્યારે મને બખ્તર સજાવતી એ કહેતી હતી; " રણશૈયામાં સૂતા સૂતા ચિતોડના કાંગરા વચ્ચે બળતી ચિતા તરફ નજર કરજે, નાથ ! અને એમાં સૌથી ઉંચે ચડતી જ્વાલાને તારી રાજપૂતાણીની સમજી લેજે ! પછી એનો પ્રભાહાર પકડી તુંય ઉંચે ચાલ્યો આવજે ! "

શહેનશાહ ! તને ત્યાં મારી રાજપૂતાણી નહિ મળે ! ત્યાં એની રાખ પડી હશે ! તને ભાળીને એનો વંટોળ ચડશે ! તારી આંખ ફોડી નાખશે; અને પછી તું પૃથ્વીના અંત સુધી પ્રકાશને ગોતવા ખાલી ફાંફાં મારતો, ઠેબાં ખાતો અવનિ ઉપર ભટક્યા કરીશ; અને દિશાઓ તને હસી રહેશે.

[ ગોરાદેવ આંખો મીંચી દે છે. એનું પ્રાણ પંખીડું ઉડી ચિતોડના ગઢ ઉપર સળગતી અને ગગનના ઘુમ્મટને ભેદતી જ્વાલા ભણી જાય છે.

અલ્લાઉદ્દીન એ મૃત શરીરને ‘ દગાખોર ! દગાખોર !! દગાખોર ! !! ’ એમ બોલતો ત્રણ લાત મારે છે. ]

# છેલ્લો અંક

[ **સ્થલકાલઃ** બાર દિવસ પછી ચિતોડગઢના રાજ-મહાલયની ચંદ્રશાળામાં નમતા બપ્પોર.

રોજ રોજ એક એક રાજકુમાર યુદ્ધે ચડે છે અને પડે છે.

કોટની બહાર તુમુલ યુદ્ધ ચાલે છે. એક પછી એક ગઢ ઉપર હલ્લાઓ થાય છે. અને રાજપૂતો 'હરહર! મહાદેવ' 'જય એકલિંગજી!' 'જય દેવી ચતુર્ભુજાનો જય!' એવા નાદો કરી યવનોનો સામનો કરે છે. ક્ષણ બે ક્ષણમાં તો 'અલ્લા હો અકબર!' ના ગગનભેદી અવાજો ગાજી ઉઠે છે, અને તેમાં રાજપૂતોના નાદો દટાઇ જાય છે. પાછી થોડીવાર શાંત છવાય છે, અને ઘવાયલા સૈનિકોની ચીસો સ્પષ્ટ થાય છે. પાછો હલ્લો થાય છે, પાછી શાંતિ છવાય છે. અંકના અંત સુધી આ ચક્ર ચાલ્યા કરે છે.

રણવાસ તરફ લઈ જતી પડસાળની પગથિયો ઉપર પદ્મિની બે હાથમાં માથું દબાવી બેઠી છે. રણવાસમાંથી એક દાસી આવે છે. અને પદ્મિનીને આ દશામાં જોઈ મોઢું ગંભીર કરી ચાલી જાય છે.

કોટ ભેદીને નવા હલ્લાનો અવાજ આવે છે. ' જય એકલીંગજી!' 'દેવી ચતુર્ભુજાની જય!' એવા આછા અવાજો વચ્ચે 'અલ્લા હો અકબર!'નો દિશા વ્યાપૃત વિજયનાદ ગાજી રહે છે. તલવારોની રમઝટના આછા વીંઝણા આવે છે.

પદ્મિની ઉઠે છે, અને કાંગરાં પાસે જઇને ઉંચી ડોકે કોટ બહાર નજર નાખે છે. થોડી વારે એક નિસાસો મૂકી પોતાના હાથ, છાતી અને અંગપ્રત્યંગ ઉપર એક ખેદયુક્ત દૃષ્ટિ ફેરવે છે. ]

પદ્મિની

**રૂપ ! હા ! [ નિસાસો મૂકે છે. ] ચિતોડના સર્વભક્ષી શાપ સમાં આ રૂપ ! થાય છે કે શરીર ઉપરથી ઉખેળી તને ફગાવી દઉં ! થાય છે કે અંગે તેજાબ છાંટી ચામડી ઉપર ચાઠાં પાડું !**

[ અસ્વસ્થ આંટા મારે છે ]

**અને આ વિશ્વવિખ્યાત સૌંદર્ય ! તારી**

ઉપર તારા દેવને, તારા ભોક્તાને પણ વિશ્વાસ ન્હોતો. રખે તું કોઇ બીજાનું અંકશાયી થઇ જા એવો એમને ભય હતો ! પ્રભુ ! પ્રભુ ! આ શાપ તેં મારી ઉપર શેં વરસાવ્યો ?

આજે જાણે એમ લાગે છે કે પૃથ્વી ઉપર પ્રલય ફરી વળ્યો છે. અને અનંત આકાશ અને અફાટ પૃથ્વી વચ્ચે હું એકલી, અટુલી, કશાયે ધ્યેય વિનાની બળતી ચિતાની માફક આથડચા કરૂં છું ! અને સાગર મારી દશા જોઈને ખડખડાટ હસે છે !

[ ફરી વાર ડોક ઉંચી કરી કોટ બ્હાર નજર નાખે છે. ]

રાજપૂતો મને કુળની સૌભાગ્યદેવી કહી શરમાવે છે. મેં તો કોઇ ત્રિકાળભૂખી ડાકણની માફક આખા કુળને ભરખી લીધું છે. ગોરાદેવ જેવા કાકા ગુમાવ્યા, મહારાણાના દશ પુત્રોની આહૂતિ લીધી, હજારો ક્ષાત્રાણીઓને કંકણ વિહોણી કરી, ચિતોડના કાળમીંડ પત્થરાઓને અરાવલીની ખીણમાં ગબડાવી મૂકયા, તોય આ રૂપયજ્ઞ પૂરો

ન થયો. જેમ જેમ આહુતિઓ અપાતી જાય છે, તેમ તેમ ચંડીની જીભ જેવી જ્વાલાઓ વધારે ને વધારે વ્યાકુળ બનતી જાય છે.

[ સભા ખંડમાંથી રાણા ભીમસિંહ બહાર નીકળે છે, અને એક પાષાણ સ્તંભ પકડી ઉભા રહે છે. એમનું મોઢું કરમાઈ ગયેલું છે. એમણે કેસરિયા વાઘા ઉપર બખ્તર સજ્યું છે, અને કેડ ઉપર તલવાર લટકે છે. ]

અરાવલીની એ। અસંખ્ય ટેકરીઓ ! તમે ધસી આવો ! મારી ઉપર ખડકાઇ ખડકાઇને એક એવો ડુંગર રચી દ્યો, કે પ્રલયના પૂર પણ એને ખોદી મને બ્હાર ન કાઢી શકે ! ભગવતિ વસુન્ધરે મોઢું ઉઘાડી મને કોઇ એવા ગર્તમાં........ઓહ ! ઓહ ! આંખે અંધારાં આવે છે, અને જાણે આખું કાળચક્ર ફરતું હોય....................[ ફસડાઇ પડે છે. ]

### ભીમસિંહ

દેવી ! પદ્મિની ! તમને આ શું થયું ? [ એકદમ દોડે છે, અને પદ્મિનીનું માથું ખોળામાં લઈ પવન નાખે છે. ] મહારાણી ! તમને આ શું થયું ? ભગવાન એકલિંગજી ! આ કસોટી શા માટે ?

[ પદ્મિની પડખું ફેરવે છે. ]

મહાદેવી ! આંખો ઉઘાડશો ? તમને હવે કેમ લાગે છે ? [ પદ્મની પડખું ફેરવી આંખો ઉઘાડે છે. શરીરમાં એક કમ્પ અનુભવે છે. ]

પદ્મિની

કોણ રાણા....રાણાજી ? તમે અહિં કયાંથી ? હું કયાં છું ?

ભીમસિંહ

દેવી ! સ્વસ્થ થાવ ! તમે રાજમહાલયની ચંદ્રશાળામાં રાણાજીના ખોળામાં સમાલત છો ! પદ્મિની, કોઈનો ભય નથી !

પદ્મિની

ચૌહાણ પુત્રીને કદિ કોઈનો ભય હોતો નથી, રાણા ! પણ....[ બેઠી થાય છે. હોઠ ધ્રૂજી રહે છે. ] પણ તમે અને હું અહિં કયાંથી, રાણાજી ? [ કાંઈ વિચાર કરે છે. ] હા, સ્વપ્નું હશે ! [ ઉભી થાય છે, રાણા પણ ઉભા થાય છે. ] રાણા ! સર્જનના પ્રથમ પ્રકાશમાંથી નીકળી બે પંખીડાં પાંખમાં પાંખ મેળવી અનંત આકાશમાં ઉડતાં હતાં. બહુ ઉડયાં, બહુ ઉડયાં ! અંતે જે પ્રદેશનાં સમણાં

સેવ્યાં હતાં, તે પ્રદેશના સુવર્ણઘુમ્મટો કોઇ પરમ પ્રકાશમાં હસતા દેખાવા લાગ્યા! અને પંખીડાંઓના ઉરમાં ઉદ્રેક ચડ્યો. પ્રાણેશ્વરની પૂંઠે તો કોઇ નથીને એ જોવા પંખીણીએ પાછળ જોયું! પંખીને શંકા ગઈ; એની આંખમાં એક ઓળો આવ્યો, અને ક્ષણ બે ક્ષણમાં તો અલોપ થઇ ગયો! બન્ને પાછાં ઉડવા લાગ્યાં, પણ પંખીણીનો અધો ઉત્સાહ, અધો રંગ ભાંગીને ભૂક્કો થઇ ગયો હતો. એની પાંખો ઢીલી થઇ ગઈ હતી. સ્વપ્નભોમના સુવર્ણકળશોનું તેને હવે આકર્ષણ ન્હોતું રહ્યું. એણે ભિન્ન માર્ગ લીધો. પંખી પંખીણી વારેવારે આંખો અથડાવતાં, અને દાઝ્યા હોય એમ આંચકો ખાઇ પાછું ઉડવા લાગતાં, નોખાં પડવું બન્નેને ગમતું ન્હોતું, પણ વિધિનું એજ નિર્માણ હતું, રાણા!

[ ધીમે ધીમે એ કાંગરાઓ પાસે જાય છે, અને અરાવલીની ટેકરીઓ સામે જોઈ રહે છે. ]

**ભીમસિંહ**

હવે બહુ થાય છે, મહાદેવી! મનુષ્યની

સહનશક્તિનેય મર્યાદા હોય છે. મને માફ કરો, માફ કરો, મહારાણી! હવે નથી સહાતું!

પદ્મિની

હા....હા....રાણા! [ ફીક્કું હસે છે ] તમને મારા હૃદયભંગનો ખ્યાલ નથી, મહારાજ! માટે તો આવું બોલી શકો છો! સહન તો મારાથીયે નથી થતું. પણ સહન કર્યેજ છૂટકો, રાણા!

ભીમસિંહ

આજે દશ દશ દિવસથી તમે મને એક મીઠું વેણ પણ કહ્યું નથી, રાણી! મને ભાળો છો અને જાણે અભડાઈ ઉઠતાં હો તેમ કરમાઇ જાવ છો. મોઢું ફેરવીને રડવા લાગો છો. જગતના તમામ અપરાધોનું અંતે તો નિવારણ હોય છે, મહાદેવી!

[ આગળ વધે છે. ]

પદ્મિની

[ છેટી ખસતી ] મને અડશો નહિ, રાણા! [અરાવલ્લીની ટેકરીઓ સામે જોતાં જોતાં] હું શું કરું, દેવ! મારા હૃદયની હું માલીક રહી નથી;

અથવા તો મને હવે હૃદય રહ્યું છે કે નહિ તેનીજ ખબર પડતી નથી. જાણે બધુંજ બળી ગયું ! સ્વર્ગના કોઇ શમણાની માફક બધુંજ અલોપ થઇ ગયું ! મને ભૂલી જાવ, રાણા ! હુંય તમને ભૂલી જઇશ,–ભૂલવાનો પ્રયત્ન કરીશ. કોઇ અકળ યોગ થયો અને આપણે ભેગાં થયાં. પ્રેમના આવેશમાં આપણે એક બીજાંને પરસ્પરનાં પૂરક માની લીધાં. પણ કાંઇક ભૂલ થઇ, રાણા !—અને આજે કોઇ એવાજ અકળ યોગથી આપણે વિયોગ લઇએ છીએ, દેવ !

### ભીમસિંહ

દેવી ! આ આપણી છેલ્લી મુલાકાત છે. રાજપૂતોએ આજે કેશરિયાં કર્યાં છે. મહારાણાના દશ કુમારો યુદ્ધમાં ખપી ગયા, અને આજે તમારો વીર રણે ચડ્યો છે. ન કરે નારાયણ અને એને કંઈ થાય તો આજે અચ્યુતકુમાર સાથે મારે યુદ્ધે ચડવું એવો મહારાણાનો આદેશ છે. પછી,–અને સદેહે આપણો ભેટો થવાનો નથી. તમારી ક્ષમા યાચી લેવા આવ્યો છું, મહાદેવી !

એકવાર કહો; એકવાર એટલું કહો, "અપરાધી રાણા તને પદ્મિની ક્ષમા કરે છે." અને પછી હું નિરાંતે યુદ્ધે ચઢીશ, ક્ષમાના એ છેલ્લા શબ્દોનું રટણ કરતાં કરતાં હંમેશને માટે સોડ તાણીશ, પછી તમારે મારું કાળું મોઢું ફરી........

### પદ્મિની

[ વચમાંજ, રડતાં ] બહુ થયું, બહુ થયું, રાણા! રાણીની રાણાને ક્ષમા છે! અને ઈશ્વરના એ હૃદય ઉપર આશીર્વાદ ઉતરો.! [ પાલવથી આંખો ઢાંકી દે છે. ] પણ....પણ....રાણા! હવે તો બહુ મોડું થયું....બહુ મોડું.

### ભીમસિંહ

બસ કરો, બસ કરો, મહાદેવી! [ એનું મોઢું ચમકી ઉઠે છે. ] આગળ નહિ બોલતાં, ચૌહાણપુત્રી! મારે વિશેષ નથી સાંભળવું. હવે મને કશાની પરવા નથી. હવે યવનોના સૈન્યમાં કાળની માફક ફરી વળીશ. અને 'હર હર મહાદેવ!' ને બદલે 'અપરાધી આત્મા! તને પદ્મિનીએ ક્ષમા કરી છે'! એવું રટતો રણશૈયા પર સોડ તાણીશ.

### દાસી

[ સભા ખંડમાં આવી, નમન કરી ] મહારાણા પધારે છે, દેવી !

[બન્ને સભાખંડ તરફ ફરે છે. મહારાણા લક્ષ્મણસિંહ અને મંત્રીશ્વર કેદારનાથ પ્રવેશ કરે છે. બન્નેએ કેસરિયાં વાઘા પહેર્યાં છે. અને બન્ને શસ્ત્રાસ્ત્રથી સજ્જ છે. રાણા અ ઘ્નની નમન કરે છે. મહારાણા માથું નમાવી પ્રત્યુત્તર વાળે છે. ]

### લક્ષ્મણસિંહ

અચ્યુતસિંહની સાથે આપને ચડવાનું છે, રાણાજી ! અને અજયને કેલવાડા પહોંચી જવા સહિ-સલામત વિદાય કર્યાં પછી સૌની પાછળ ચિતોડ અને ચિતોડના સૌંદર્યને સળગાવી દઇને હું અને મંત્રીશ્વર યુદ્ધે ચઢશું. તૈયાર તો થઇ ગયાને, રાણા ?

### ભીમસિંહ.

હા, મહારાજ ! આ ક્ષણે જ તૈયાર છું આવા હિણપતના દારુણ સમયમાં પણ જે એક સંજીવની મને સજીવન રાખતી હતી તે સળગી ગઇ છે. હવે મને કશાની પરવા નથી.

[ પદ્મિની કાંગરાઓ તરફ ફરી ટેકરીઓ તરફ જોવા લાગે છે. સૌ મહાદેવી તરફ એક કચવાતી નજર નાખી ડરતા હોય તેમ પાછી ખેંચી લે છે. કોટ બહાર કોલાહલ વધે છે, અને કિલ્લો થથરી ઉઠે છે. ગગનમાં ‘અલ્લા હો અકબર !’ ની બૂમ પડે છે. ]

**લક્ષ્મણસિંહ**

ફરી હલ્લો થયો લાગે છે. આખો કિલ્લો જાણે કમ્પી ઉઠે છે ! સ્વાતંત્ર્યની લીલાભૂમિનો આવો કરુણ વિનાશ ! પ્રભુ, પ્રભુ ! કૃપા કર ! હવે નથી સહતું.

[ પગથિયાં ચડી એક દૂત આવે છે. એનો શ્વાસ સમાતો નથી. નમન કરી ઉભો રહે છે. ]

**દૂત**

મહારાજ ! શત્રુઓને સિંહની માફક સંહારતા બાદલ દેવ પડયા. સૈન્યમાં ભંગાણ પડે એવો સંભવ છે. દંડનાયક સંદેશો કહાવે છે કે રાજકુમાર અચ્યુતસિંહે જલદી યુદ્ધે ચડવું જોઈયે.

[ પદ્મિનીની આંખમાંથી આંસુ વહેવા લાગે છે. કાંગરા પકડી એ મોઢું ફેરવી ઉભી રહે છે.

દૂત નમન કરી પગથિયાં ઉતરી જાય છે.

સભાગૃહમાંથી અચ્યુતસિંહ આવે છે. એણે કેસરિયાં વાઘા સજ્યા છે. કપાળ ઉપર કંકુથી ત્રિપુંડ તાણ્યું છે, માથા ઉપર રાજમુકુટ ધારણ કર્યો છે. ]

**અચ્યુતસિંહ**

પિતાજી, મને રજા આપો. [નમન કરે છે.]

**લક્ષ્મણસિંહ**

બેટા, જા ફત્તેહ કર [ આંખમાં આંસુ આવે છે.] દેવી ચતુર્ભુજાના ભૂખ હજી નથી ભાંગી. એનું ખપ્પર હજી અધૂરું છે. એક દિવસ સ્વપ્નામાં દર્શન દઇ એમણે આદેશ કર્યો: “મહારાણા ! અરાવલીની ખીણો તરશી થઈ છે. મારું ખપ્પર ખાલી થયું છે. બાર રાજબીજોનાં માથાં વધેરીશ ત્યારે મારી ક્ષુધા શમશે. બેટા, અગિયારમો તું, અને તારી પાછળ હું જાતેજ બારમો થઇ ચાલ્યો આવું છું. ક્ષમા કરજે બેટા !

[ અચ્યુતને બાથમાં ભીંસી દે છે. પિતાની આંખનાં આંસુ પુત્રની પાંપણે અડે છે. ]

**અચ્યુતસિંહ**

[ પદ્મિનીને પ્રણામ કરી ] આશીર્વાદ આપો, મહાદેવી !



પદ્મિની

વિજય કરો કુમાર ! રામ તમારી રક્ષા કરો !

[ માથે હાથ મૂકે છે. ]

ભીમસિંહ

[ નમન કરી ] મહારાણા, જાઉં છું. પદ્મિની, પ્રભુને પ્રાર્થના કરજો કે ચિતોડનો કોટ પડે એ પહેલાં રાજપૂતોનાં મડદાંઓનો કોટ ચણાઈ જાય.

પદ્મિની.

[ આંખના આંસુ ખાળતી ] રાણા, એક ક્ષણ થંભી જાવ. એક વાર, એક વાર મને અલિંગન આપો !

[ રાણા માથું ધુણાવે છે.]

રાણા ! ઉભા રહો, હું તમને કંકુનો ચાંલ્લો કરું.

ભીમસિંહ

હવે તો બહુ મોડું થયું, પદ્મિની ! રાજપૂતો અમારી રાહ જોતા હશે ! તમે કંકાવટીમાં કંકુ ઘોળી સ્વર્ગને આરે ઉભાં રહેજો. હું અનુતાપની આગમાં બળી કાંચન બનવા જાઉં છું. જો બનું

તો મને સત્કારજો; મારે કપાળે કંકુરેખા રાચજો, મને અપનાવી લેજો ! અને છતાંય કાંચન ન બનું તો, રાણી ! ભવોભવના જુહાર !

[ એક દૃષ્ટિ પણ ફેંકયા સિવાય રાણાજી ફટ ફટ પગથિયાં ઉતરી જાય છે. પાછળ અચ્યુતસિંહ ઉતરે છે. સૌ સજળ નયને બંન્નેને જોઈ રહે છે. પદ્મિની કાંગરા પકડી લે છે, અને આંસુથી એક કાંગરાને પલાળી દે છે. ]

લક્ષ્મણસિંહ

દેવી ચતુર્ભુજા ! ક્ષમા કર ! ક્ષમા કર, માતા !

પદ્મિની

મહારાણા, હું જાઉં છું. રાજપૂતાણીઓને તૈયાર કરી હમણાં જ પાછી ફરું છું. આપ આ ચિતાચોકમાં ચિતા ખડકાવો. રાજપૂતાણીઓના પ્રાણેશ્વરોએ અરાવલીની તૃષા છૂપાવી; હવે જો ટેકરીઓને ટાઢ વાતી હશે, તો ચિતોડની વીરાંગનાઓ પોતાના સૌન્દર્ય દેહોને સળગાવી તેઓને હૂંફ આપશે.

[પદ્મિની રણવાસની પગથી ચડી જાય છે. ]

કેદારનાથ

સાક્ષાત શક્તિનો અવતાર છે !

લક્ષ્મણસિંહ

રાજપૂતોના રણવાસમાં જ્યાં સુધી આવી દેવીઓ વસે છે, ત્યાં સુધી રાજપૂતોને મન રણ-વાટ રમત વાત છે ! અને ત્યાં સુધી પાર્થિવ દૃષ્ટિએ ભલે રાજપૂતોનો વિનાશ થાય, પણ બાપ્પા રાવળનું બીજ અમર રહેશે, અને વખત આવે વીજળીના ચમકારાની માફક ચારે દિશાને પ્રકાશથી ભરી દેશે.

[ સભાખંડમાંથી અજયકુમાર થોડા રજપૂતો સાથે ઉતરી આવે છે. સૌએ બખ્તરો પહેર્યાં છે, અને અંગ ઉપર પૂરતાં શસ્ત્રાસ્ત્રો સજ્યાં છે. ]

આવ બેટા, બાપ્પા રાવળનું બીજ રાખવાનું કામ તારે શીરે છે.

અજયસિંહ

પિતાજી, હજી પણ મન નથી માનતું. મારે નથી જવું.

લક્ષ્મણસિંહ

અજય ! આ શું ? સાત દિવસથી તને સમજાવ્યા કરું છું, આજે તો કબૂલ પણ કરાવ્યું; અને છેલ્લી ઘડિયે પાછો હઠે છે; એ કઠણ હૃદયનું

લક્ષણ નથી. બેટા, યુદ્ધમાં મરી ખૂટવું એનો અર્થ જવાબદારીમાંથી નિવૃત્તિ લેવી. તારે શિરે તો એથીય મહાન કાર્ય અવલંબે છે. ઈતિહાસના પાનાંઓ પરથી બાપ્પા રાવળનું નામ ભૂંસાઇ જતું અટકાવવું, એ કામ નાનું સૂનું નથી. મરવું વીરતા ભર્યુ છે, પણ ધર્મનું પાલન કરવા જીવવું એ એનાથીએ કપરું છે.

[કોટ બહારથી નવા હલ્લાનો ઘોંઘાટ આવે છે.]

અજયસિંહ

પણ............

લક્ષ્મણસિંહ

પણબણનો હવે સમય નથી. અજયસિંહ, મહારાણાનો આદેશ છે કે સો સૈનિકો લઇને શત્રુ સેનાને ચીરી તમારે સહિસલામત કેલવાડા પહોંચી જવાનું છે. એટલું ધ્યાનમાં રાખો કે રસ્તામાં તમારે વીરતા દાખવવાની નથી. અત્યારે તમારો ધર્મ, પ્રાણ બચાવવાનો છે. ચાલો, જલદી કરો, બહારથી કારમા અવાજો આવે છે. અને મારું ડાબું અંગ ફરકે છે. મને લાગે છે કે મારે

હમણાંજ યુદ્ધમાં ઝંપલાવવું પડશે, અને એ પહેલાં ચિતોડને ઉજ્જડ સ્મશાનસમ કરતા જવું છે. ચિતોડના સૌંદર્યને સળગતું જોતા જવું છે. જેથી સમરાંગણમાં સૂતા સૂતા રાજપૂતાણીઓનાં શિયળનો ફડકો ન રહે.

[ પગથિયાં ચડી ચડી રાજપૂતો ચિતાચોકમાં ચંદન અને સુખડનાં લાકડાં ખડકવા લાગે છે. ]

શો વિચાર કર્યો, અજયસિંહ ? મહારાણાનો હુકમ ઉથાપવાની હિંમત છે ?

**અજયસિંહ**

પિતાજી, હું જાઉં છું, મને આશીર્વાદ આપો.

[ ચરણ સ્પર્શ કરે છે. ]

**લક્ષ્મણસિંહ**

[ વાંસો થાબડતા ] જા બેટા, ફત્તેહ કર !

[ અજયસિંહ મંત્રીશ્વરને નમન કરી પગથિયાં ઉતરી જાય છે. તેની પાછળ પાછળ રાજપૂતો ઉતરી જાય છે.

ચિતા પેટાવવામાં આવે છે. થોડી વાર મહારાણા અને મંત્રીશ્વર એક બીજા સામે જોઈ રહે છે. અગ્નિની જ્વાલાઓના પ્રકાશ એમના મોઢાઓ ઉપર પડે છે. ]

ખલ્લાસ ! બધુંજ ખલ્લાસ, મંત્રિશ્વર !

રાજપૂતોની માતૃભૂમિ હવે પરપદથી દલિત થશે. જ્યાં એક વખત બાપ્પા રાવળની હાક પડતી હતી ત્યાં હવે યવનોના વિજય-ઘોષ ગાજશે. મંત્રિશ્વર! કેવા ગૌરવનો કેવો કરૂણ અંત?

કેદારનાથ

મહારાજ ! શોક કરવો મિથ્યા છે. જગદ-નિયંતાએ જે ધાર્યું હશે તેજ થવાનું. આપણે કર્મે તો વિરોચિત્તવૃત્તિએ જેને આપણે ધર્મ માન્યો છે, તેને માટે આ જીવન ઝૂઝવાનું છે ! મહારાજ, રડતાં પણ જે વસ્તુ અટકવાની નથી, તેને હસતાં કેમ વધાવી ન લઇયે ?

લક્ષ્મણસિંહ

સાચું કહો છો, મંત્રીશ્વર! જે વસ્તુ રડતાં અટકવાની નથી, તેને હસતાં કેમ વધાવી ન લઇયે? અને હવે મંત્રીશ્વર ! મને કશી ચિંતા રહી નથી. બાપ્પા રાવળનું બીજ રાખવા અજય કેલવાડા પહોંચી ગયો હશે ! એક દિવસ એ બીજમાંથી આર્યકુળનો માર્તન્ડ ઉદિત થશે, અને એના પ્રકાશમાં ધરણી ઉજળી થઇ ઉઠશે. ચાલો મંત્રી-શ્વર ! હવે ચિતોડ-ગઢમાં જે કોઇ બાકી રહ્યું

હોય તેમને લઈને યુદ્ધે ચડીયે. યવનોના ઢગલા કરી, એમનાં મુડદાંઓની સેજશૈયા પાથરી અનંત નિદ્રાને આધીન થઈએ. દ્વારપાળ !

દ્વારપાળ

[ પગથિયાં ચડી આવી, નમન કરી ] આદેશ, મહારાજ !

લક્ષ્મણસિંહ

જાવ, દાંડી પીટો, ચિતોડગઢમાં જે જે પુરુષ જીવતા હોય તેને નીચેના સભાચોકમાં હાજર થાવું.

દ્વારપાળ

જેવી આજ્ઞા, મહારાજ !

[ નમન કરી જાય છે. કોટ બહારથી મોટા ધસારાનો અવાજ આવે છે. યવનોના વિજય-નાદ ગાજી રહે છે. રાજ-મહાલય ધ્રૂજી ઉઠે છે. ]

કેદારનાથ

યવનોએ ફરી આક્રમણ કર્યું લાગે છે. આપણી રાજપૂત સેના ક્યાં સુધી ટક્કર ઝીલશે એ કહી ન શકાય, મહારાજ! આપણે રડયા-ખડયાએ હવે રણે ચડવું જોઈયે.

લક્ષ્મણસિંહ

રાજપૂતાણીઓના આવી પહોંચવાની હું રાહ જોઉં છું. ગમે તેમ કરી હજી યવન સેનાને ખાળી રાખવી પડશે, મંત્રીશ્વર !

[ રણવાસની પગથી ઉતરી પદ્મિની આવે છે. એણે વાળ છૂટા મૂકી દીધા છે. છૂટા સુનેરી કેશ ગોઠણ સુધી લટકે છે. કપાળમાં કેસર અર્ચન કર્યું છે. હથેળીએ અને પાનીએ અળતો આલેખ્યો છે. સફેદ વસ્ત્રો ઉપર કેસર, ગુલાલ અને કંકુનાં છાંટણાં છે. એની પાછળ એજ સ્વાંગમાં સેંકડો રાજપૂતાણીઓ આવે છે. તેઓ એક બીજા ઉપર ગુલાલ છાંટે છે, અને 'દેવી ચતુર્ભુજાનો જય' પોકારે છે.

નીચે દાંડી પીટાવી શરૂ થાય છે. એક પછી એક એકઠા થતા જતા રાજપૂતોનો ઉત્તરોત્તર અવાજ આવે છે.]

ચિતોડનું સૌંદર્ય અને સતિત્વ અંતે આવી પહોંચ્યું ! પધારો મહાદેવી ! પ્રણામ ! પ્રણામ સતિઓ !

[ નમન કરે છે. ]

પદ્મિની

મહારાણાનો જય થાઓ !

રાજપૂતાણીઓ

આપ્પા રાવળના કુળદીપકનો વિજય થાઓ !

લક્ષ્મણસિંહ

મંત્રીશ્વર ! બ્રહ્માની આ મનમોહન કળાને, જીવતા જાગતા આ સ્વતંત્ર આત્માઓને ચિતામાં હોમતાં કાળજું કંપે છે.

પદ્મિની

એનો વિચાર તમારે કરવાનો નથી, મહારાણા ! આપ હવે સુખે રણમાં સિધાવો. રાજપૂતો બાપ-દાદાની ભૂમિ રક્ષિ જાણે છે, તો રાજપૂતાણીઓ કૂળની કીર્તિને નિષ્કલંક સાચવી જાણે છે. અને રાજપૂતોને સ્વર્ગવાડીમાં પણ એકલું શે ગમે, મહારાણા ? પ્રાણપતિઓ પહેલાં અમે સ્વર્ગને આરે પહોંચી જઇશું અને પારિજાતના પુષ્પોની વિજય-માળાઓ ગૂંથી તેઓની રાહ જોશું !

લક્ષ્મણસિંહ

દેવીઓ ! અમને આશીર્વાદ આપો કે અમારાં ધડ જાય પણ ધર્મ ન જાય. માથાં ધૂળમાં ખરડાય પણ કીર્તિ નિષ્કલંક રહે. અને અમારી રાખમાંથી રાજપૂતોની પુનઃ પ્રતિષ્ઠાનો ગગનચુંબી ગુંબજ ખડો થાય.

[ ફરી પ્રણિપાત કરે છે. ]

પદ્મિની

કલ્યાણ, મહારાણા !

કેદારનાથ

મહારાજ, નીચે ચિતોડના બાકી રહેલા સર્વ રાજપૂતો એકઠા થઇ ગયા છે, અને આપની આજ્ઞાની રાહ જુવે છે.

લક્ષ્મણસિંહ

ચાલો, મંત્રીશ્વર.

[ બન્ને કાંગરા પાસે જાય છે. એક પછી એક રાજપૂતાણીઓ મહાદેવને પ્રણીપાત કરી ચિતાચોકમાં ઝંપલાવે છે. પડતાં પડતાં ‘ મહાદેવીનો જય! ’ ‘ દેવી ચતુર્ભુજાનો જય! ’ એવા જયનાદ કરે છે. બીજી બાજુ રાજપૂતાણીઓ તેઓની ઉપર કેસર કંકુ ઉડાડે છે; અને જયકાર ઝીલી લે છે.

કિલ્લા ઉપર ધસારો થાય છે, એવા સ્પષ્ટ અવાજો આવે છે. યવનોના વિજયઘોષ ગગનમાં ગાજી રહે છે.

મહાદેવી ધીમે ડગલે મહારાણા અને મંત્રીશ્વર વચ્ચે જઈ ઉભાં રહે છે. ]

કેસરભીનાં રાજપૂતો ! આજે આપણે કેસરિયાં કર્યાં છે. જીવ્યા મર્યાના જુવાર કરી રાજપૂતાણીઓની વિદાય લીધી છે. ચિતોડમાં હવે

એકે રાજપૂત બાકી નથી રહ્યો. સ્વાતંત્ર્યની લીલા-ભૂમિને ભગવાન એકલિંગજીને સોંપી, કોટનાં દ્વાર ખુલ્લાં કરી આપણે રણે ચડવાનું છે. જેટલા મરાય તેટલા યવનોને મારીને આપણે મૃત્યુને ભેટવાનું છે. ચિતોડમાં એક ચકલું પણ ફરકવું ન જોઈયે. આપણાં મુડદાંઓને કચરી કચરી યવનસમ્રાટ ચિતોડ લૂંટવા આવશે, ત્યારે ચિતોડનો આલેસાન દુર્ગ અને સ્મશાન સમાં ઘરો એની સામે દાંતિયાં કરશે.

દૂત

[ એક શ્વાસે પગથિયાં ચડી આવી નમન કરી હાંફતો હાંફતો ] મહારાજ, રાજકુમાર અજયસિંહ નિર્વિઘ્ને શત્રુસેનાને વટાવી ગયા છે, એવા એંધાણ આવી ગયા છે. અને....અને....[ એની જીભ તૂટે છે ] અને મહારાજ, રણમાં કેસરી સિંહની માફક ધમસાણ મચાવીને રાજકુમાર અચ્યુતસિંહ સ્વર્ગે સંચર્યા છે. રાણાજી આપની, અને રાજપૂત સેનાની રાહ જોઈ રહ્યા છે.

લક્ષ્મણસિંહ

કોઈના મૃત્યુના સમાચાર હવે મને કંપાવી



શકતા નથી. જાવ દૂત, રાણાને કહો કે મહારાણા ચિતોડમાં બાકી રહેલા તમામ રાજપૂતો સાથે આવી પહોંચે છે. ચિતોડમાં હવે માત્ર પત્થરાઓ જ બાકી રહેશે.

[ દૂત નમન કરી જાય છે. ]

રાજપૂતો ! વિજય કરો ! બાપ્પા રાવળનું બીજ રાખનાર સહિસલામત કેલવાડા પહોંચી ગયો છે.

[ નીચેથી 'રાજકુમાર અજયસિંહનો જય !' એવો નાદ ગાજી ઉઠે છે. ]

રાજપૂતો ! હવે સમય ખોવાનો નથી. મહાદેવી ! સૌને આશીર્વાદ આપો.

પદ્મિની

ચિતોડની સતિઓના તમને આશીર્વાદ છે. રાજપૂતો ! ચિતોડની સતિઓ તમને સંદેશો કહેવડાવે છે કે અમે પાંપણનો એક પલકારો કર્યા સિવાય તમારી રાહ જોશું. તમે જલદી આવી પહોંચજો !

['મહાદેવીનો જય !' એવો નીચેથી મહાઘોષ આવે છે.]

લક્ષ્મણસિંહ

વિજય કરો, રાજપૂતો !

[ નીચેથી નાદ ગાજે છે. "જય મહારાણાનો જય !" કૂચકદમના પડઘા સંભળાય છે. ]

મહાદેવી, જાઉં છું. ચિતોડનો કુળધર્મ તમને સોંપતો જાઉં છું.

પદ્મિની

કુળધર્મની આપ ફિકર ન કરશો. મહારાણા ! ચોહાણ પુત્રીને કુળધર્મ શીખવાડવાની જરૂર નથી. આપ નિશ્ચિંત થઈ વિજય પ્રસ્થાન કરો.

[ મહારાણા જવા જાય છે. ]

એક ક્ષણ ! એક વાત, મહારાજ !

[ એના લાલ લાલ ગાલ ઉપર વિશેષ રતાશ આવે છે, અને ચિતાના પ્રકાશમાં આખું મોઢું ઝળહળી ઉઠે છે. પાલવની કોર સંકેલતાં-ઉઘાડતાં ] લડતાં લડતાં જો રાણાજીનો ભેટો થાય તો મારા રાણાને એટલું કહેજો, કે 'તારી પદ્મિનીએ પ્રણિપાત કરીને તને માફ કર્યું છે. અનુતાપની આગમાં બળી જતાં પહેલાં જ તને અપનાવી લીધો છે, અને જલદી

જલદી મારી ચિતાજ્વાલાની સીડી કરી ચડી આવવા આગ્રહ કર્યો છે. હવે એક ક્ષણનો વિજોગ પણ મારાથી નહિ સહાય ! અબોલડા લેશે તો પૃથ્વીના અંત સુધીએ એકલી, અટુલી અકાશમાં ફર્યા કરશે, અને તારું ગાન ગાઈ ગાઈ અવનિ રેલાવી દેશે.'

[ પાલવથી આંખો ઢાંકી મોઢું ફેરવી લે છે.

ચિતોડના સિંહદ્વાર ઉપર એક મોટો કડાકો થાય છે. યવનોની ચિચિયારી સંભળાય છે. ]

લક્ષ્મણસિંહ

આ શું ? મહાદેવી ! હું જાઉં છું, કાંઇક થયું લાગે છે.

[ એક ક્ષણની પણ વિલંબ કર્યાં સિવાય મહારાણા પગથિયાં ઉતરી જાય છે. મંત્રીશ્વર પાછળ જાય છે.

રાજપૂતાણીઓ એક પછી એક ચિતાચોકમાં ઝંપલાવ્યે જાય છે. આખા વાતાવરણમાં ગુલાલ પ્રસરી ગયો છે. ચિતાની જ્વાલાઓ ખૂબ ઉંચે ચડી ગઇ છે.

ધીરે ધીરે પદ્મિની આંખો ખોલે છે. ચિતોડની ચારે દિશા તરફ શૂન્ય નજર ફેરવે છે. ]

પદ્મિની

શિશોદિયાઓની આ સ્મશાન ભૂમિ. તારી હજી તૃષા છીપી નહિ ? ઓ મા ! ઓ દેવી ચતુર્ભુજા ! આટલો કોપ શા માટે ? આ કયા સ્ખલનનું મહાન પ્રાયશ્ચિત કરાવી રહી છે ? હવે નથી ખમાતું, નથી ખમાતું.

[ નીચે ઢળી પડે છે. એક રાજપૂતાણી પાસે જઇ જાગૃત કરે છે. ]

રાજપૂતાણી

કોટનું સિંહદ્વાર તૂટતું જણાય છે. મહાદેવી ! હવે આપણે વિલંબ ન કરવો જોઈયે.

[ પદ્મિની બેઠી થાય છે. એની આંખો લાલ થઈ ગઈ છે. એના લાલ મોઢા ઉપર ચિતાનો પ્રકાશ પડે છે. બાકી રહેલી થોડી રાજપૂતાણીઓ ઉપર નજર નાખી ]

પદ્મિની

કુળદેવીઓ ! આપણા કંથડાઓએ જીવનનું સાર્થક્ય કર્યું, આપણે હવે મરણને પણ ઉજળું બનાવીએ.

[ એક ભયાનક કડાકા સાથે કોટનું સિંહદ્વાર તૂટી પડે છે. ભૂખ્યા વરૂઓ જેવા યવનો ચિચિયારી પાડતા અંદર ધસે છે. સૌના હાથમાં નાગી તલવારો છે. ]

જલદી કરો, જલદી કરો, રાજપૂતાણીઓ ! બધું ખલાસ થઈ ચૂક્યું છે.

[ બાકીની રાજપૂતાણીઓ ટપોટપ ઝંપલાવે છે. ચિતોડ તરફ એક શૂન્ય દૃષ્ટિ નાખતી પદ્મિની ક્ષણ વાર થંભે છે. રાજમહાલયમાં અને પગથી ઉપર યવનોનાં ત્વરિત પગલાંઓ સંભળાય છે.]

પ્રણામ માતા ! રાજપૂતોની લીલાભૂમિ પ્રણામ !

[ 'જય અંબે' ની બૂમ પાડી, પદ્મિની ચિતામાં ઝંપલાવે છે.

મહાલયની પગથી ઉપરથી અલાઉદ્દીન, ખિજરખાં, કાજી વગેરે ખુલ્લી તલવારે ધસી આવે છે. સભાગૃહ અને રણવાસ ફેંદીવળી યવનો ચંદ્રશાળામાં આવી પહોંચે છે. ]

### અલાઉદ્દીન

[ફાંફળો ફાંફળો] પદ્મિની ! પદ્મિની ! ! આ શો ગજબ ! બેહેસ્તની હૂરની જેવા આ સૌંદર્ય ઉપર આ શી ક્રૂરતા ? પદ્મિની, નીકળી આવ, નીકળી આવ ! તને હું દિલ્હી લઈ જઈશ, મારી મહાબેગમ કરી સ્થાપિશ.

પદ્મિની

[ ચિતાની જ્વાલાઓ વચ્ચે એનું મોઢું દિવ્ય જ્યોતિ જેવું ઝબકી રહે છે. એ અટ્ટહાસ્ય કરે છે. ]

હા.... હા.... હા.... ? શહેનશાહ ? હજી મોહ ન ગયો ? હજી આંખ ન ઊઘડી ? એક સ્ત્રીના શિયળ ખાતર હજારો રાજપૂતોએ પોતાનાં જીવન ન્યોચ્છાવર કરી નાંખ્યાં, અને બાપ્પા રાવળની ભૂમિને વેરાન વગડો કરી મૂકી, અને પદ્મિની તારી અધમ માગણીનો સ્વીકાર કરશે ? રાજપૂતાણીઓ યવન જનાનાની બીબીઓ ન હોય શહેનશાહ !

અલ્લાઉદ્દીન

પણ એમાં શો લાભ, પદ્મિની ? હવે હું ચિતોડ લૂંટીશ; બાળીને ખાખ કરી મૂકીશ. હાથ પડશે એટલા હિંદુઓની કતલ કરીશ, અને ચારે કોર કાળો કેર વર્તાવીશ. એક, તારી ખાતર આવડો મોટો વિનાશ ? પદ્મિની, વિચાર કર ?

પદ્મિની

[ અવાજ ઉગ્ર બનતો જાય છે. નાડીઓ તૂટતી જાય છે. એનું ખેંચાણ એના મોઢાની રેખાઓ ઉપર દેખાય છે. ]

અને રાંકડી, ભોળી પ્રજાની અબળાઓ ઉપર તારી સેના અણછાજતા અત્યાચારો કરશે શહેનશાહ! તારી કરતાં એ વિનાશ હું વિશેષ અને વિશિષ્ટ રૂપમાં જોઇ શકું છું. પશુ જેવા યવનો હિન્દુ બાળાઓનાં શરીર ચૂંથશે; એમનાં શિયળ અભડાવશે. પણ શું કરું, સમ્રાટ? બન્ને કપટી વિનષ્ટિઓ હતી. એમાંથી મહતી વિનષ્ટિમાંથી બચી જવું રાજપૂતોએ યોગ્ય ધાર્યું. આથી પ્રજાનાશ થશે; અને ઉપર ઉપરથી જોનારને ધર્મનાશ ને નીતિનાશ પણ થતો જણાશે. પણ એથીએ મહાનાશ તો મેં તારી હીણ માગણીનો સ્વીકાર કર્યો હોત તો થાત. આ નાશમાંથી તો કોઇ કાળે પણ ઉગરવા વારો છે, પણ આર્યકુળની સૌભાગ્ય દેવીએ ડંખતે હૃદયે છતાં સંમતિથી સ્વીકારેલા શિયળભંગની શિથિલતા પ્રજાને રુંવે રુંવે શીતળાની માફક ફૂટી નીકળત. પ્રજાનો તેજો વધ થાત; અને પૃથ્વીના પ્રલયકાળ સુધી એ શિથિલતા નીતિને નામે સૂક્ષ્મ સંહાર મચાવત. ભોગભૂખ્યા ઓ નરપિશાચ! રાજપૂતોને ક્ષત્રાણીના શિયળથી ખરીદાએલું જીવદ્દાન, અને

ચારિત્ર્યના બદલામાં આવેલો રોટલો ગોમાંસ બરાબર હોય છે !

અલાઉદ્દીન

રાજપૂતો તો મૂર્ખ હતા ! પણ તને એકને મેં અપવાદ ગણી હતી; પદ્મિની !

પદ્મિની

[ તિરસ્કારથી હસતી ] મને તો માનજને ? અમે મરીએ છીએ, પણ આર્યકુળની તેજસ્વિતાને અમર કરતાં જઇએ છીયે. કોઇએ ન કલ્પ્યા હોય એવા અવનતિના ઘોર કાળમાં કોઈએ ન દીઠા હોય એવા ચહુ દિશાથી વર્ષતા વિનષ્ટિના વરસાદ વચ્ચે પણ આર્ય રમણીનું શિયળ અસ્પૃષ્ટ રહેશે; અને એ અમારા સતિત્વનો–અમારા સતિ થવાનો પ્રતાપ હશે ? ઓ નરપશુ ! આર્યોએ કદી શિયળને ત્રાજવામાં મૂક્યું નથી અને મૂકશે પણ નહિ. પણ એ બધું તને નહિ સમજાય, તરકડા !

[ 'જય આદ્યા' કહી પદ્મિની ઢળી પડે છે. જ્વાલાઓ એની આસપાસ ફરી વળે છે. ચિતાની ટોચ આકાશને અડે છે. યવનો આ બધું બાઘાની માફક જોઇ રહે છે. ]

**અલાઉદ્દીન**

[ હાથ ઘસતાં, પગ પછાડતાં ] **એ પદ્મિની ! એ બેવકૂફ રાજપૂતો !**

[ ચિતાના ફડાકા અટ્ટહાસ્ય કરે છે. ચિતોડ શહેરમાંથી ભૂખ્યા વરૂઓ સમા યવન સૈનિકોની ચિચિયારી આવે છે. લૂંટાતી, કચરાતી, રાંકડી પ્રજાના આર્ત–અવાજો આવે છે.

આકાશમાં અંધારું વ્યાપે છે. અને વચ્ચે સ્વર્ગની સીડી સમી જ્વાળા ભભૂકી રહે છે. ]